सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## અગિયારમી ગુજરાત વિધાનસભા

## અગિયારમું સત્ર

(તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૦૭ થી ૩૦મી માર્ચ, ૨૦૦૭)

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
૨૦૦૭

सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## અગિયારમી ગુજરાત વિધાનસભા

## અગિયારમું સત્ર

## (તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૦૭ થી ૩૦મી માર્ચ, ૨૦૦૭)

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
૨૦૦૭

એચબી-૧૧૮-(૧)

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

## પ્રસ્તાવના

આ પ્રકાશનમાં અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્ર (તા. ૨૨મી ફેબ્રુઆરી,. ૨૦૦૭ થી ૩૦મી માર્ચ, ૨૦૦૭) દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર નં. ૧૦,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
તારીખ : 28 MAY 2007

**ડી. એમ. પટેલ,**
સચિવ
ગુજરાત વિધાનસભા.

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્ર (તા.૨૨-૨-૨૦૦૭ થી ૩૦-૩-૨૦૦૭) માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક : ૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | ૨૩ |
| ૩. | પત્રક ક્રમાંક : ૨ સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | ૨૪ |
| ૪. | પત્રક ક્રમાંક : ૩ સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી | ૨૬ |
| ૫. | પત્રક ક્રમાંક : ૪ સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | ૩૪ |
| ૬. | પત્રક ક્રમાંક : ૫ ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) | ૩૬ |
| ૭. | પત્રક ક્રમાંક : ૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૩૭ |
| ૮. | પત્રક ક્રમાંક : ૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૩૮ |
| ૯. | પત્રક ક્રમાંક : ૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૪૦ |
| ૧૦. | પત્રક ક્રમાંક : ૯ જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને સભાગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | ૪૨ |
| ૧૧. | પત્રક ક્રમાંક : ૧૦ દાખલ કરવાનાં સરકારી વિધેયકો | ૪૮ |
| ૧૨. | પત્રક ક્રમાંક : ૧૧ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | ૫૧ |
| ૧૩. | પત્રક ક્રમાંક : ૧૨ રાષ્ટ્રપતિશ્રી/રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | ૫૭ |
| ૧૪. | પત્રક ક્રમાંક : ૧૩ સન ૨૦૦૭-૦૮ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ | ૫૮ |
| ૧૫. | પત્રક ક્રમાંક : ૧૪ સન ૨૦૦૬-૦૭ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ | ૬૨ |

| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૬. | પત્રક ક્રમાંક : ૧૫ ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧) | ૬૩ |
| ૧૭. | પત્રક ક્રમાંક : ૧૬ ધ્યાન દોરતી સૂચનાઓ ( નિયમ - ૧૧૬) | ૬૪ |
| ૧૮. | પત્રક ક્રમાંક : ૧૭ જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ - ૪૪) | ૬૫ |
| ૧૯. | પત્રક ક્રમાંક : ૧૮ દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો | ૬૬ |
| ૨૦. | પત્રક ક્રમાંક : ૧૯ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં(નિકાલ થયેલા)બિનસરકારી વિધેયકો | ૬૭ |
| ૨૧. | પત્રક ક્રમાંક : ૨૦ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન-સરકારી વિધેયકો | ૭૦ |
| ૨૨. | પત્રક ક્રમાંક : ૨૧ બિન સરકારી સંકલ્પો ( નિયમ - ૧૧૭ ) | ૭૧ |
| ૨૩. | પત્રક ક્રમાંક : ૨૨ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | ૭૨ |
| ૨૪ | પત્રક ક્રમાંક : ૨૩ ખરેખર કામકાજ થયા પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | ૭૮ |
| ૨૫ | પત્રક ક્રમાંક : ૨૪ રોજેરોજના કામકાજનો સારાંશ | ૮૪ |
| ૨૬ | પત્રક ક્રમાંક : ૨૫ સત્રમાં સભ્યોએ ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | ૧૪૩ |
| ૨૭ | પત્રક ક્રમાંક : ૨૬ શોકદર્શક ઉલ્લેખ. | ૧૫૬ |

## અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રા રં ભિ ક :**

અગિયારમી ગુજરાત વિધાનસભાનું અગિયારમું સત્ર ગુરુવાર તા.૨૨-૨-૨૦૦૭ના રોજ શરૂ થયું હતું અને શુક્રવાર, તા.૩૦-૩-૨૦૦૭ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ-૯(૧) હેઠળ અચોક્કસ મુદત માટે મુલતવી રહ્યું હતું અને ત્યાર બાદ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૩ દિવસ માટે મળી હતી અને બેઠકો કુલ ૨૮ થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૧૯ કલાક કામ કર્યું હતું. જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૪ કલાક અને ૧૫ મિનિટ થાય છે.

૧. સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન-સરકારી વિધેયકો, નાણાંકીય અને અન્ય કામકાજમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક : ૧માં આપવામાં આવી છે.

**સભાગૃહની બેઠકોની તારીખો અને સમય :**

૨. સભાગૃહની બેઠકોની તારીખો અને સમય **પત્રક ક્રમાંક** : ૨માં આપવામાં આવ્યા છે.

**હાજરી :**

૩. સત્ર દરમિયાન અઠયાવીસ બેઠકોમાં સભ્યોની વધારેમાં વધારે હાજરી ૧૩૯ અને ઓછામાં ઓછી હાજરી ૧૧૪ હતી. સરેરાશ હાજરી ૧૨૬ હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક**:૩માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક** : ૪માં આપવામાં આવી છે.

**રાજ્યપાલશ્રીનું સંબોધન :**

૪. ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અન્વયે રાજ્યપાલશ્રીએ ગુરૂવાર, તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ બપોરના ૧૨-૦૦ વાગે ગુજરાત વિધાનસભાને હિન્દીમાં સંબોધન કર્યું હતું. તે દિવસે સભ્યશ્રી ભરતભાઈ પંડયાએ નામદાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેનું સભ્ય શ્રીમતી રમીલાબેન બારાએ સમર્થન કર્યું હતું. નામદાર રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર સભાગૃહમાં તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૭, તા.૨૮મી

ફેબ્રુઆરી, ૨૦૦૭ અને તા.૧લી માર્ચ,૨૦૦૭ એમ કુલ ત્રણ બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં કુલ-૩૨ સભ્યોએ ભાગ લીધો હતો. આભાર પ્રસ્તાવ ઉપર સુધારાની કુલ-૩૪ સૂચનાઓ મળી હતી. જેમાંથી ૧૮ સુધારાની સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. તે પૈકી ૧૧ સભ્યશ્રીઓએ તેમના સુધારા રજૂ કર્યા હતા જયારે ૭ સુધારા સભ્યશ્રીઓની અનુપસ્થિતિના કારણે રજૂ થઈ શકયા ન હતા. ચર્ચાના અંતે સભાગૃહે આભાર પ્રસ્તાવ મૂળ સ્વરૂપે પસાર કર્યો હતો.

**ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો :**

૫. અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે તા.૨૭-૨-૨૦૦૭ થી તા.૩૦-૩-૨૦૦૭ સુધીનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગતો નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ ૧૧, તારાંકિત પ્રશ્નોની કુલ ૪૭૫૨ અને અતારાંકિત પ્રશ્નોની કુલ ૩૭૦ સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **પત્રક ક્રમાંક: ૫, ૬, ૭ અને ૮** માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી **પત્રક ક્રમાંક: ૯**માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ ૨૮૫૩ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૫૯ તારાંકિત પ્રશ્નોને અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી ૨૧ પ્રશ્ન મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦-૫૦ ની એક એવી ૧૧ યાદીઓ તેમજ ૧૦ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો નિયમ-૮૭ (ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

**પ્રશ્નોત્તરીને લગતી માહિતી :**

૬. સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ ૨૨ યાદીઓ ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીઓ પૈકી કુલ ૧૯૬ પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન નિયમ-૯૦ અન્વયે ટૂંકી મુદતના પ્રશ્નોની મળેલ ૧૧ સૂચનાઓમાંથી ૪ સૂચના દાખલ કરવામાં આવી હતી, ૨ સૂચનાની ગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી. ૧ સૂચના માટે મંત્રીશ્રી અસંમત થતા રદ થઈ. ૧ સૂચનામાં સભ્યશ્રી ગેરહાજર રહ્યા હતા.

**અડધા કલાકની ચર્ચા :**

૭. સત્ર દરમિયાન નિયમ-૯૨ અન્વયે અડધા કલાકની કુલ ૫ સૂચનાઓ મળી હતી જે પૈકી સભ્યશ્રી શિવજીભાઈ આહિરના (ભૂજમાં મેડિકલ કોલેજ શરૂ કરવા બાબતના) તા. ૨૭/૨/૨૦૦૭ના વારામાં દાખલ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાકં :-૨૦૦૩૮(અગ્રતા-૭૦) સંબંધમાં તા. ૭-૩-૦૭ના રોજ અડધા કલાકની સૂચના ક્રમાંકઃ૨૯ દાખલ કરવામાં આવી હતી. આ દાખલ થયેલ સૂચના ઉપર તા. ૨૮/૩/૦૭ના રોજ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

**વટહુકમો :**

૮. સત્ર દરમિયાન સન ૨૦૦૭ના વટહુકમ ક્રમાંકઃ-૧ સન-૨૦૦૭નો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ તથા આ વટહુકમને બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન તા. ૨૨-૨-૨૦૦૭ના રોજ સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યું હતું.

**વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવઃ**

૯. સન ૨૦૦૭ના વટહુકમ ક્રમાંકઃ-૧ નામંજૂર કરવા અંગેના પ્રસ્તાવની ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૫૨(૨) અન્વયેની માનનીય સભ્ય ડૉ. ચંદ્રીકાબેન ચુડાસમાની સૂચના મળી હતી. જે દાખલ કરવામાં આવી હતી.સભાગૃહમાં ચર્ચા બાદ આ પ્રસ્તાવ સભાગૃહે નામંજૂર કર્યો હતો.

**વટહુકમોનું સ્થાન લેતું વિધેયકઃ**

૧૦. સન ૨૦૦૭નો વટહુકમ ક્રમાંકઃ-૧ સન ૨૦૦૭ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમનું સ્થાન લેતું સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંકઃ-૩ સન ૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક સભાગૃહે પસાર કર્યું હતું.

**સરકારી વિધેયકો :**

૧૧. **(૧) દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો :**

સત્ર દરમિયાન સભાગૃહમાં કુલ ૨૪ સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યા હતા.

**(જુઓ પત્રક ક્રમાંક : ૧૦)**

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો :**

સત્ર દરમિયાન કુલ ૨૪ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યાં હતાં અને ચર્ચાને અંતે પસાર કરવામાં આવ્યાં હતાં. **(જુઓ પત્રક ક્રમાંક : ૧૧)**

**(૩) પસાર થયેલા વિધયકો અને તેનુ વિષયવાર વર્ગીકરણ:**

**વિધેયકોનું વર્ગીકરણ :**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતાં વિધેયકો | .......૧૫ |
| ૨. | નવાં વિધેયકો | ...........૦૭ |
| ૩. | અન્ય વિધેયકો | ...........૦૨ |

**વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ:**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતાં વિધેયકો | ...........૧૦ |
| ૨. | જાહેર સેવાને લગતાં વિધેયકો | ...........૦૩ |
| ૩. | શિક્ષણને લગતાં વિધેયકો | ...........૦૬ |
| ૪. | અન્ય વિધેયકો | ...........૦૫ |

**(૪) વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ કે રાજયપાલશ્રીના અનુમતિ વાળા વિધેયકો :**

અગિયારમી ગુજરાત વિધાનસભાના દશમા સત્રમાં પસાર થયેલાં અને રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલાં સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૨૭, ૨૮, ૨૯ અને ૩૧ તથા અગિયારમા સત્ર એટલે કે ચાલુ સત્રમાં

સભાગૃહે પસાર કરેલ સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૯ને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંકઃ ૧૨)

નાણાકીય કામકાજ :

૧૨. (૧) અંદાજપત્ર

(ક) રજૂઆત :

સન ૨૦૦૭-૦૮ના વર્ષ માટેનું કુલ રૂા. ૪,૩૫,૭૦,૩૩,૪૪,૦૦૦/-નું અંદાજપત્ર શુક્રવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા.૩,૨૧,૯૬,૭૨,૨૧,૦૦૦/-બિન મતપાત્ર રકમ રૂા.૧,૧૩,૭૩,૬૧,૨૩,૦૦૦/- હતી.

(ખ) સામાન્ય ચર્ચા :

અંદાજપત્ર ઉપર તા. ૬,૭, અને ૮મી માર્ચ ૨૦૦૭ના રોજ એમ કુલ ૩ દિવસો દરમિયાન સભાગૃહની ૪ બેઠકોમાં સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :

અંદાજપત્રની માગણીઓ ઉપર તા.૯,૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૨૧,૨૨ અને ૨૩મી માર્ચ, ૨૦૦૭ના રોજ એમ કુલ ૯ દિવસો દરમિયાન સભાગૃહની ૧૨ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ ૧૦૪ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી ૪૯ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક : ૧૩) ચર્ચા માટે રજૂ થયેલી બધી જ માગણીઓ સભાગૃહે ચર્ચા-વિચારણા કરી પસાર કરી હતી. જ્યારે બાકીની ૫૫ (પંચાવન) માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

(ઘ) કાપદરખાસ્તો :

અંદાજપત્રની માગણીઓ પર કુલ ૬૩૯ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી, તેમાંથી ૬૦૯ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. ૩૦ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી. દાખલ કરવામાં આવેલી ૬૦૯

કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૪૫૭ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીઓમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૩૨૦ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

(ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૭ બુધવાર, તા.૨૮-૩-૨૦૦૭ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૮(૫) ની જોગવાઈ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્દનુસાર કુલ-૧૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા. જેમાંથી એક મુદ્દો નામંજૂર રાખવામાં આવ્યો હતો અને બાકીના ૧૩ મુદ્દા મંજૂર રાખવામાં આવ્યા હતા. આ મુદ્દાઓ પરની ચર્ચા બાદ સભાગૃહે વિનિયોગ વિધેયક પસાર કર્યું હતું.

(૨) ખર્ચનું પૂરક પત્રક :

(ક) રજૂઆત :

સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેનું રૂા. ૬૧,૩૨,૫૨,૭૨,૦૦૦/-ના ખર્ચનું પૂરક પત્રક શુક્રવાર તા:૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા.૬૦,૬૮,૨૧,૩૯,૦૦૦/- અને બિનમતપાત્ર રકમ રૂા. ૬૪,૩૧,૩૩,૦૦૦/- હતી.

(ખ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :

સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં કુલ ૮૩ માગણીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાંથી ૧૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી.(જુઓ પત્રક ક્રમાંક: ૧૪) પસંદ થયેલી આ માગણીઓ પર તા. બીજી અને પાંચમી માર્ચ, ૨૦૦૭ના રોજ બે બેઠકોમાં ચર્ચા અને મતદાન હાથ ધરવામાં આવ્યું હતું ચર્ચાને અંતે ઉકત માગણીઓ પસાર કરવામાં આવી હતી. જયારે બાકી રહેલી ૬૯ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

### (ગ) કાપદરખાસ્તો :

પૂરક માગણીઓ ઉપર કુલ ૫૩ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. તેમાંથી ૪૭ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી ૬ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૪૭ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનામાં સભ્યશ્રીઓના નામ જોડાતાં કુલ ૩૭ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીઓમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, જે પૈકી ૨૮ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

### (ધ) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક ૨૦૦૭ બુધવાર, તાઃ ૭-૩-૨૦૦૭ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઈ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યો ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એકજ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું તદ્‌અનુસાર કુલ ૮ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, જે બધા જ મંજૂર રાખવામાં આવ્યા હતા. ચર્ચાના અંતે પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યું હતું.

## અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા બાબતનો પ્રસ્તાવ (નિયમ ૧૦૩) :

૧૩. સભ્યશ્રી પુંજાભાઈ વંશ (ડૉ. સી. જે. ચાવડા, શ્રી ગોવાભાઈ રબારી અને ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા)ના નિયમ-૧૦૩ અન્વયે અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવાને લગતા પ્રસ્તાવની સૂચના મળી હતી. આ પ્રસ્તાવને નિયમાનુસાર તા. ૨૮મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવતા સભાગૃહની અનુમતિ મળી હતી, પરંતુ તા.૩૦મી માર્ચ, ૨૦૦૭ના રોજ સત્ર સમાપ્ત થતા આ પ્રસ્તાવ ચર્ચા માટે હાથ ધરી શકાયો ન હતો.

## સભા મોકૂફીનો પ્રસ્તાવ (૧૦૮) :

૧૪. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૮ અન્વયે "શ્રી સોહરાબુદ્દીનના એન્કાઉન્ટર અને શ્રી દિપેશ ગઢવીની હત્યા" બાબતે સભામોકૂફીના પ્રસ્તાવને લગતી બે સૂચનાઓ મળી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી.

### વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦) :

૧૫. માનનીય સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાળાની ગુજરાત રાજયમાં વિધાન પરિષદની રચના કરવા સંસદ કાયદો પસાર કરે તે માટેના બંધારણના અનુચ્છેદ ૧૬૯ અન્વયેના વૈધાનિક પ્રસ્તાવની અગાઉ દાખલ થયેલી સૂચના સમયના અભાવે હાથ ધરી શકાઈ ન હતી.

### ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧) :

૧૬. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવની કુલઃ ૭ સૂચનાઓ મળી હતી જે પૈકી ૬ સૂચના દાખલ કરવામાં આવી હતી અને ૧ સૂચના નામંજૂર કરવામાં આવી હતી. દાખલ થયેલ સૂચનાઓ પૈકી એક સૂચના વિધાનસભાના નિયમોના નિયમ-૯૪(૪) અન્વયે રદ કરવામાં આવી હતી જયારે બાકીની સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવેલ ન હોવાથી ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી અને સત્ર સમાપ્ત થતાં તે રદ થઈ હતી. (જુઓ પત્રક ક્રમાંક : ૧૫)

### છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) :

૧૭. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ-૭૫ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા.૨૨-૩-૦૭ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં આવેલ સભ્યશ્રી કાંતિભાઈ લકુમે "ગોધરાકાંડના અસરગ્રસ્તોને સહાય" અંગે પ્રસ્તાવની એક સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી હતી. ઉકત પ્રસ્તાવ પર તા. ૩૦-૩-૦૭ના રોજ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

### ધ્યાન દોરતી સૂચના (નિયમ-૧૧૬) :

૧૮. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટેની કુલઃ ૫૧ સૂચનાઓ મળી હતી, તેમાંથી ૧૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૩૯ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૧૨ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં એકત્રિત ૭ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી, જે પૈકી ૬ સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદનો કર્યા હતાં જયારે પ્રભારી સભ્યશ્રીની ગૃહમાં અનુપસ્થિતિને કારણે ૧ સૂચના સંબંધે નિવેદન થઈ શકયું ન હતું (જુઓ પત્રક ક્રમાંક : ૧૬)

**જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓના નિવેદનો (નિયમ-૪૪) :**

૧૯. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર સત્ર દરમિયાન આઠ નિવેદનો કરવામાં આવ્યાં હતાં. **(જુઓ પત્રક ક્રમાંક : ૧૭)**

**બિન સરકારી વિધેયકો :**

૨૦. (૧) **દાખલ કરવામાં આવેલ બિન સરકારી વિધેયકો :**

સત્ર દરમિયાન કુલ ૫ બિન-સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યા હતા.

**(જુઓ પત્રક ક્રમાંક : ૧૮)**

(૨) **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો :**

અગાઉના સત્ર દરમિયાન સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં તેવા કુલ ૬ બિન-સરકારી વિધેયકો તથા ચાલુ સત્રમાં દાખલ કરવામાં આવેલા કુલઃ-૫ બિન-સરકારી વિધેયકો મળીને કુલઃ-૧૧ બિન-સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતા જે પૈકી તા.૧-૩-૨૦૦૭ના રોજ બે, તા. ૧૫-૩-૨૦૦૭ના રોજ બે અને તા.૨૯-૩-૨૦૦૭ ના રોજ ત્રણ બિન-સરકારી વિધેયકો પર સભાગૃહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી. ચર્ચાના અંતે સાતેય બિન-સરકારી વિધેયકો તેમના પ્રભારી સભ્યશ્રીઓએ સભાગૃહની અનુમતિથી પાછા ખેંચી લીધા હતા **(જુઓ પત્રક ક્રમાંકઃ ૧૯)** જયારે ચાર બિન-સરકારી વિધેયકો સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિના કારણે હાથ ધરી શકાયા ન હતા. આમ સત્રાંતે કુલ-૪ વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહ્યા હતા. **(જુઓ પત્રક ક્રમાંક : ૨૦)**

(૩) **દાખલ કરવામાં આવેલ બિન સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ:**

**બિન - સરકારી વિધેયકોનું વર્ગીકરણ:**

(૧) ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો .....૦૧

(૨) નવા કાયદા બનાવતા વિધેયકો .....૦૪

## બિન - સરકારી વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ-

(૧) અન્ય બાબતોને લગતા વિધેયકો ...... ૦૫

## બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭):

૨૧. બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૮-૩-૦૭ અને તા.૨૨-૩-૦૭ એમ કુલ-૨ દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા.૮-૩-૦૭ના પ્રથમ વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ-૮૧ સૂચનાઓ મળી હતી, તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી. જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે બંન્ને સંકલ્પો સભાગૃહના મત પર મૂકાતાં તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

તા.૨૨-૩-૦૭ના રોજના બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ-૮૮ સૂચનાઓ મળી હતી, તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલા સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા સંકલ્પ ઉપર ચર્ચા કરવામાં આવી હતી ચર્ચાને અંતે પ્રથમ સંકલ્પનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બીજો સંકલ્પ મત ઉપર મૂકાતાં તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. (જુઓ પત્રક ક્રમાંક : ૨૧)

## ઔચિત્ય ભંગ :

૨૨. સત્ર દરમિયાન ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી માગતી એક સૂચના મળી હતી. જે નામંજૂર કરવામાં આવી હતી.

## વિશેષાધિકાર ભંગના પ્રશ્નો :

૨૩. સત્ર દરમિયાન વિશેષાધિકાર ભંગના પ્રશ્નો સભાગૃહમાં ઉપસ્થિત કરવાની પરવાનગી માગતી આઠ સૂચનાઓ મળી હતી. જેમાંથી એક સૂચના નામંજૂર કરવામાં આવી હતી. બાકીની સાત સૂચનાઓમાંથી એક સૂચના માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટે સભાગૃહમાં ઉપસ્થિત કરી હતી જે માન અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૫૩ અન્વયે વિશેષાધિકાર સમિતિને તપાસ અને અહેવાલ માટે સોંપી હતી. ત્રણ સૂચનાઓ જે માન. અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ હતી તે

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૬૩ અન્વયે વિશેષાધિકાર સમિતિને તપાસ અને અહેવાલ માટે સોંપવામાં આવી હતી. બાકીની ત્રણ સૂચનાઓ માન. અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ છે.

**સભાગૃહનું અવમાન :**

**૨૪. સત્ર દરમિયાન સભાગૃહના અવમાનના ત્રણ બનાવ બન્યા હતા.**

૧. તા. ૨૩/૨/૦૭ના રોજના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પ્રશ્નક્રમાંકઃ-૭નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતા, તેની સામે માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાંધો લઈ માન. અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું હતુ. આ તબકકે વિરોધપક્ષ અને સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ પોતપોતાના સ્થાન ઉપર ઉભા થઇ સતત સુત્રોચ્ચાર શરૂ કર્યો હતો. આ દરમિયાન સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણીએ ગૃહમાં માઈક ચાલુ કરવાના મુદ્દે વિધાનસભાના સ્ટાફને ઉદ્દેશીને કેટલાંક અપશબ્દો અને વાંધાજનક ઉચ્ચારણો કર્યા હતા. જેની સામે સત્તાધારી પક્ષના સભ્યોએ વાંધો ઉઠાવ્યો હતો. આ તબકકે સામસામે સતત સૂત્રોચ્ચાર થયો અને વિપક્ષના સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી જગદીશ ઠાકોર, ડૉ. દિનેશભાઈ પરમાર તેમજ શ્રી પરેશભાઈ ધાનાણી વેલમાં ધસી આવતા માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી જગદીશભાઈ ઠાકોર, ડૉ. દિનેશ પરમાર તેમજ શ્રી પરેશભાઈ ધાનાણીને તેમની વર્તણૂંક બદલ તેઓને નેઈમ કરવા માન. અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું હતું.

માન. અધ્યક્ષશ્રીએ શ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી જગદીશભાઈ ઠાકોર, ડૉ. દિનેશ પરમાર તેમજ શ્રી પરેશભાઈ ધાનાણીને નેઈમ કર્યા હતા. ત્યારબાદ માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે નિયમ-૫૨ અન્વયે ઉકત ચારેય સભ્યોને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને માન. નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ માન. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ રજૂ કરેલા પ્રસ્તાવને સમર્થન આપ્યુ હતું. ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર થતા આ ચારેય સભ્યોને સત્રના અંત સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

૨. (૧) તા.૮/૩/૦૭ના રોજ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન સભ્ય શ્રીમતી રમીલાબેન દેસાઈ દ્વારા એક પત્રિકાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. માન. અધ્યક્ષશ્રીએ તેમને વારંવાર બેસી જવાની સૂચના આપવા છતાં તેમના તરફથી પત્રિકાનું પ્રદર્શન સતત ચાલુ રહેતા અને તેઓ સભાગૃહની

વેલમાં ધસી આવતા માન. અધ્યક્ષશ્રીએ તેમને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૧ અન્વયે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો આદેશ આપતાં તેમને તે દિવસ પૂરતા સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા હતા.

(૨) તા.૮/૩/૦૭ના રોજ ગૃહની કાર્યવાહી દરમિયાન ગૃહમાં બેઠા બેઠા અપ્રસ્તુત ઉચ્ચારણો કરીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા સભ્યશ્રી ગોવાભાઇ રબારી અને શ્રી જેઠાભાઇ ભરવાડને નિયમ-૫૧ હેઠળ ગૃહની કાર્યવાહીમાંથી એક દિવસ માટે દૂર કરવામાં આવ્યાં હતાં.

૩. તા. ૨૯/૩/૦૭ના રોજ પ્રશ્નોત્તરી બાદ શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી નહી મળતાં સભ્યશ્રી સિધ્ધાર્થ પરમારને વેલમાં ધસી જવા બદલ અને સભ્યશ્રી પુંજાભાઇ વંશને સુત્રોચ્ચાર કરવા બદલ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૧ અન્વયે તેઓને ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો માન. અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો હતો. આ તબકકે ગૃહમાં સૂત્રોચ્ચાર અને શોરબકોર સર્જાતા માન. અધ્યક્ષશ્રીએ ગૃહને ૧૫ મિનિટ માટે મુલતવી રાખ્યું હતું. મુલતવી રહેલ ગૃહની બેઠક ફરી મળતાં ઉકત સભ્યશ્રીઓએ તેમની વર્તણૂંક બદલ દિલગીરી વ્યકત કરતાં માન. અધ્યક્ષશ્રીએ નિયમ-૫૧ અન્વયેના આદેશનો અમલ મોકુફ રાખ્યો હતો.

**પોઈન્ટ ઓફ ઓર્ડર :**

**૨૫.** સત્ર દરમ્યાન કુલ ૨૫ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવા હતા તેમાંથી ૧૫ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યાં હતા, ૯ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યાં ન હતા અને ૧ પોઈન્ટ ઓફ ઓર્ડર અનિર્ણિત રાખવામાં આવ્યો હતો. એટલે કે ૬૦ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય, ૩૬ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા અને ૪ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર અનિર્ણિત રાખવામાં આવ્યા હતા.

**યાદગાર પ્રસંગો :**

**૨૬. (૧) વિપક્ષના ચાર સભ્યોને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા :**

અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્રમાં તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭ ના રોજ મળેલ વિધાનસભા ગૃહની બેઠકમાં પ્રશ્નોત્તરી સમય દરમિયાન અગ્રતા ક્રમ:-૨ ની ચર્ચા દરમિયાન પૂરક પ્રશ્ન પુછતી વખતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ

મોઢવાડીયાએ વાંધાજનક ઉચ્ચારણો કરતાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેની સામે વાંધો લઈ આ શબ્દો પાછા ખેંચવાની માંગણી કરી હતી.

આ દરમિયાન વિરોધપક્ષ અને સતાધારી પક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સામસામે સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં સભાગૃહની આગળની કાર્યવાહી ચલાવવાનું અશક્ય લાગતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પંદર મિનિટ મુલતવી રાખી હતી.

ફરી મળેલા ગૃહમાં પ્રશ્નોતરી આગળ ચાલી હતી અને પ્રશ્નોતરીના પ્રશ્ન ક્રમાંકઃ-૭ની ચર્ચા દરમિયાન પૂરક પ્રશ્ન પુછતી વખતે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતાં, તેની સામે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાંધો લઈ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું હતું. આ દરમિયાન વિરોધપક્ષ અને સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાને ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. આ દરમિયાન સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણીએ માઈક ચાલુ કરવાના મુદ્દે વિધાનસભાના સ્ટાફને ઉદ્દેશીને અપશબ્દો અને વાંધાજનક ઉચ્ચારણો કર્યા જેંની સામે સત્તાધારી પક્ષના સભ્યોએ વાંધો ઉઠાવ્યો હતો. સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે કરેલા વાંધાજનક ઉચ્ચારણોને માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડ પરથી દૂર કર્યા હતા. આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા હતા.

આ તબકકે સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટે, પ્રશ્નોતરી દરમિયાન સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, સભ્યશ્રી ડૉ. દિનેશ પરમાર તેમજ શ્રી ભવાનભાઈ ભરવાડે વિધાનસભાના સ્ટાફને ઉદ્દેશીને અપશબ્દો અને વાંધાજનક ઉચ્ચારણો કરવા બદલ આ ચારેય સભ્યશ્રીઓને નેઈમ કરવા સંબંધમાં અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું હતું અને માનનીય અધ્યક્ષશ્રીએ આ ચારેય સભ્યશ્રીઓને નેઈમ કર્યા હતા. ત્યારબાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે નિયમ-૫૨ અન્વયે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર,

શ્રી પરેશભાઈ ધાનાણી, ડૉ. દિનેશ પરમાર તેમજ શ્રી ભવાનભાઈ ભરવાડે વિધાનસભાના સ્ટાફને ઉદ્દેશીને અપશબ્દો અને વાંધાજનક ઉચ્ચારણો કરવા બદલ નેઈમ કરી સત્ર સમાપ્તિ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સમર્થન આપ્યું હતું.

આ તબક્કે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર વેલ ક્રોસ કરી ટ્રેઝરી બેન્ચ તરફ દોડી ગયા હતા. સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી બળદેવજી ઠાકોર, સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ અને ડૉ. સી. જે. ચાવડા પણ વેલમાં ધસી ગયા હતા. અને સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાને ઉભા થઈ શોરબકોર અને સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો હતો. સભાગૃહમાં સતત શોરબકોરનું વાતાવરણ સર્જાતા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી હતી.

મુલતવી રહેલ સભાગૃહની બેઠક શરૂ થતાં સસ્પેન્ડ થયેલા સભ્યો સર્વશ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, ડૉ. દિનેશ પરમાર તેમજ શ્રી ભવાનભાઈ ભરવાડને સભાગૃહમાં ઉપસ્થિત રહેલા જોઈ સંસદીય બાબતોના મંત્રીશ્રીએ અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું હતું. અધ્યક્ષશ્રીએ આ ચારેય સભ્યશ્રીઓને સભાગૃહ છોડી જવા વારંવાર વિનંતી કરવા છતાં સભ્યશ્રીઓ સભાગૃહમાં બેસી રહેતાં નાછૂટકે માનનીય અધ્યક્ષશ્રીએ આ ચારેય સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઈ જવાના આદેશ કરતાં, સલામતી દળના સભ્યો દ્વારા આ ચારેય સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા હતા.

**(૨) માનનીય અધ્યક્ષશ્રીને પાકિસ્તાનના વિદેશ પ્રવાસ માટે શુભેચ્છાઓ :**

તા. ૨૩મી માર્ચ, ૨૦૦૭ના રોજ મળેલા ગુજરાત વિધાનસભા ગૃહમાં વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ તેમજ સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ, અધ્યક્ષશ્રી, સભ્યશ્રી બિમલ શાહ અને સચિવશ્રી ડી. એમ. પટેલ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠકમાં હાજરી આપવા માટે પાકિસ્તાન જઈ રહ્યા હોઈ તેઓશ્રીને સભાગૃહ વતી શુભેચ્છાઓ પાઠવી હતી.

(૩) **માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન :**

તા. ૩૦મી માર્ચ, ૨૦૦૭ના રોજ મળેલા ગુજરાત વિધાનસભા ગૃહમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે એકથી અગિયાર વિધાનસભાઓ પૈકી અગિયારમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્ર સુધીમાં ૧૪૩ જેટલાં સૌથી વિશેષ વિક્રમજનક વિધેયકો પસાર કરવા બદલ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

**ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ પર સભ્યોની ચૂંટણી :**

૨૭. માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨૮-૦૨-૨૦૦૭ ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના ૫(પાંચ) સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

**સમિતિની બેઠકો :**

**૨૮. સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતી.**

| અ.નં. | સમિતિનું નામ | બેઠકની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૨૧-૨-૨૦૦૭<br>૧૪-૩-૨૦૦૭ |
| ૨ | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૨૭-૨-૨૦૦૭<br>૦૬-૩-૨૦૦૭<br>૧૩-૩-૨૦૦૭<br>૧૬-૩-૨૦૦૭<br>૨૩-૩-૨૦૦૭ |
| ૩ | જાહેર હિસાબ સમિતિ | ૧૫-૩-૨૦૦૭ |
| ૪ | જાહેર સાહસો માટેની સમિતિ | ૦૭-૩-૨૦૦૭<br>૨૨-૩-૨૦૦૭<br>૨૮-૩-૨૦૦૭ |
| ૫ | અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૦૬-૩-૨૦૦૭ |
| ૬ | ખાતરી સમિતિ | ૦૫-૩-૨૦૦૭<br>૨૮-૩-૨૦૦૭ |

| અ.નં. | સમિતિનું નામ | બેઠકની તારીખ |
| --- | --- | --- |
| ૭ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૧૩-૩-૨૦૦૭ |
| ૮ | પંચાયતી રાજ સમિતિ | ૧૬-૩-૨૦૦૭<br>૨૮-૩-૨૦૦૭ |

**વિધાનસભામાં રજૂ થયેલા / ચર્ચાયેલા ગૃહની સમિતિઓના અહેવાલો :**

૨૯. સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા હતા/ ચર્ચાયા હતા.

| સમિતિ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
| --- | --- | --- |
| (૧) કામકાજ સલાહકાર સમિતિ | | |
| (૧) ચૌદમો અહેવાલ | ૨૨-૨-૨૦૦૭ | ૨૨-૨-૨૦૦૭ |
| (૨) પંદરમો અહેવાલ | ૧૫-૩-૨૦૦૭ | ૧૫-૩-૨૦૦૭ |
| (૨) બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | | |
| (૧) ચૌદમો અહેવાલ | ૨૮-૨-૨૦૦૭ | ૨૮-૨-૨૦૦૭ |
| (૨) પંદરમો અહેવાલ | ૭-૩-૨૦૦૭ | ૭-૩-૨૦૦૭ |
| (૩) સોળમો અહેવાલ | ૧૪-૩-૨૦૦૭ | ૧૪-૩-૨૦૦૭ |
| (૪) સત્તરમો અહેવાલ | ૨૧-૩-૨૦૦૭ | ૨૧-૩-૨૦૦૭ |
| (૫) અઢારમો અહેવાલ | ૨૮-૩-૨૦૦૭ | ૨૮-૩-૨૦૦૭ |
| (૩) જાહેર સાહસો માટેની સમિતિ | | |
| (૧) અઢારમો અહેવાલ | ૭-૩-૨૦૦૭ | -- |
| (૨) ઓગણીસમો અહેવાલ | ૩૦-૩-૨૦૦૭ | -- |
| (૪) પંચાયતી રાજ સમિતિ | | |
| (૧) પાંચમો અહેવાલ | ૨૬-૨-૨૦૦૭ | -- |
| (૨) છઠ્ઠો અહેવાલ | ૨૨-૩-૨૦૦૭ (બીજી બેઠક) | -- |
| (૩) સાતમો અહેવાલ | ૨૯-૩-૨૦૦૭ (બીજી બેઠક) | -- |
| (૫) ખાતરી સમિતિ | | |
| (૧) પાંચમો અહેવાલ | ૧૩-૩-૨૦૦૭ (બીજી બેઠક) | -- |

| સમિતિ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|
| (૬) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | | |
| (૧) છઠ્ઠો અહેવાલ | ૧૫-૩-૨૦૦૭ | ૧૫-૩-૨૦૦૭ |

**વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચના સિવાય) :**

૩૦.

| અ.નં. | અહેવાલ | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| ૧. | ગુજરાત સરકારના સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષના નાણાકીય હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી ) | ૩૦-૩-૨૦૦૭ | -- |
| ૨. | ગુજરાત સરકારના સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી ) | ૩૦-૩-૨૦૦૭ | -- |
| ૩. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૫ - ૨૦૦૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (મુલ્કી)(અંગ્રેજી તથા ગુજરાતી ) | ૩૦-૩-૨૦૦૭ | -- |
| ૪. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૫- ૨૦૦૬ના વર્ષનો ઓડિટ અહેવાલ | ૩૦-૩-૨૦૦૭ | -- |
| ૫. | સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૦૧-૦૨ના વર્ષનો જિલ્લા/તાલુકા પંચાયતોના હિસાબો પરના ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન. | ૨૩-૩-૨૦૦૭ | -- |

**વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :**

૩૧. ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ-૪૯ અહેવાલો અને ૩૯ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા. **(જુઓ પત્રક ક્રમાંક : ૨૨)**

**વિધાનસભામાં પક્ષવાર માહિતી :**

૩૨. અગિયારમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા. ૩૦/૦૩/૨૦૦૭ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | પક્ષનું નામ | સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧. | ભારતીય જનતા પક્ષ | ૧૩૦ * |
| ૨. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૪૮ |
| ૩. | જનતાદળ (યુનાઈટેડ) | ૦૨ |
| ૪. | અપક્ષ | ૦૨ |
| | કુલઃ | ૧૮૨ |

* પક્ષ ધ્વારા ત્રણ(૩) સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેનો પણ આ સંખ્યામાં સમાવેશ થાય છે.

**ખરેખર કામકાજ થયા પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :**

૩૩. સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક : ૨૩** માં આપવામાં આવી છે.

**રોજેરોજના કામકાજનો સારાંશ :**

૩૪. સત્ર દરમિયાન વિધાનસભામાં થયેલા રોજે રોજના કામકાજનો સારાંશ **પત્રક ક્રમાંક : ૨૪** માં આપવામાં આવ્યો છે.

**વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોએ લીધેલો ફાળો :**

૩૫. સત્ર દરમિયાન સભ્યોએ જુદાજુદા કામકાજની ચર્ચામાં લીધેલ ભાગ અંગેની માહિતી **પત્રક ક્રમાંક : ૨૫** માં આપવામાં આવી છે.

**શોક દર્શક ઉલ્લેખો :**

૩૬. સત્ર દરમિયાન કુલ ૧૩ મહાનુભાવોના અવસાન અંગે શોક દર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક : ૨૬)

સભાત્યાગ :

૩૭. (૧) તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭

તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી જગદીશ ઠાકોરે પૂરક પ્રશ્ન પૂછતી વખતે આક્ષેપાત્મક ઉચ્ચારણ કરતાં, તેની સામે માન. મુખ્યમંત્રીશ્રીએ વાંધો લઈ અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

આ તબક્કે વિરોધપક્ષ અને સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો.

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણીએ માઈક ચાલુ કરવાના મુદ્દે વિધાનસભાના સ્ટાફને ઉદ્દેશીને અપશબ્દો અને વાંધાજનક ઉચ્ચારણો કર્યા. જેની સામે સત્તાધારી પક્ષના સભ્યોએ વાંધો ઉઠાવ્યો. સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે કરેલા વાંધાજનક ઉચ્ચારણોને માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડ ઉપરથી દૂર કર્યા.

આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધ પક્ષના સભ્યશ્રીઓ આ મુદ્દે સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા.

(૨) તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૭

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ માનનીય મુખ્ય દંડકશ્રીએ રજૂ કરતાં, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેની સાથે સંમત થયા ન હતા. માન.સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ આજે સવારે નક્કી થયા મુજબ સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, માન.મુખ્ય દંડકશ્રી જીતેન્દ્રભાઈ સુખડિયાએ તેને સમર્થન કર્યું.

માન.અધ્યક્ષશ્રીએ અગાઉ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા પ્રમાણે છ બિલો પરની ચર્ચા કરી તેને પસાર કરવાના

હતાં. તેના બદલે વિરોધ પક્ષના સભ્યશ્રીઓની લાગણી ધ્યાને લઈ માત્ર ત્રણ જ બિલો ઉપર ચર્ચા હાથ ધરી તેની વિચારણા પૂરી કરવાની આજે સવારે જે જાહેરાત કરી હતી તે મુજબ બિલો ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગેની જાહેરાત કરી.

આ તબકકે કોંગ્રેસના હાજર રહેલાં સભ્યોમાંથી ડૉ. નીમાબેન આચાર્ય સિવાયના સભ્યોએ સભાત્યાગ કર્યો.

**(૩) તા.૮મી માર્ચ, ૨૦૦૭**

તા.૮મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભ્યશ્રી મુકેશ ગઢવીએ "રાજયમાં ખૂન, લૂંટ અને ધાડના બનાવો અટકાવવા બાબત"નો બિન સરકારી સંકલ્પ રજૂ કર્યો હતો. માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી સંકલ્પ પરની ચર્ચાનો જવાબ આપી રહયા હતા તે દરમિયાન સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધ પક્ષના નેતા સહિત હાજર કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**(૪) તા.૧૪મી માર્ચ, ૨૦૦૭**

તા.૧૪મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભ્યશ્રી પુંજાભાઈ વંશે, માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમના પ્રવચનમાં જાહેર હિસાબ સમિતિની કામગીરી અંગે કરેલ ઉલ્લેખ બાબતમાં પૉઈન્ટ ઓફઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રીએ, નિયમ-૧૭૪ હેઠળ ખાસ અહેવાલ કરવાની સમિતિને જે સત્તા મળી છે એ નિયમ-૧૮૬ની જોગવાઈ મુજબ જાહેર હિસાબ સમિતિ માટે નિયમ-૧૯૭ થી સમિતિની કામગીરી સંબંધે જે ખાસ જોગવાઈ કરી છે તેને આધીન રહીને જ સમિતિ ખાસ અહેવાલ કરી શકે તેમ જણાવી સભ્યશ્રી પુંજાભાઈ વંશનો પૉઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

ત્યારબાદ માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) પરની ચર્ચાનો જવાબ માન.રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી આપી રહ્યા હતા.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલાં માન.વિરોધ પક્ષના નેતાશ્રી સહિત વિરોધ પક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયાં.

(૫) **તા.૧૫મી માર્ચ, ૨૦૦૭ (બીજી બેઠક)**

તા.૧૫મી માર્ચ, ૨૦૦૭ના રોજ વિધાનસભાની બીજી બેઠકમાં માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) દરમિયાન સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ચર્ચામાં ભાગ લેવા ઉભા થયા અને વિરોધ પક્ષને ચર્ચા માટે પૂરતો સમય મળતો નથી એવી રજૂઆત કરી, અમે સભાત્યાગ કરીએ છીએ એમ જણાવ્યું. સભાગૃહમાં ઉપસ્થિત રહેલ કોંગ્રેસ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

(૬) **તા.૨૧મી માર્ચ, ૨૦૦૭**

તા.૨૧મી માર્ચ, ૨૦૦૭ના રોજ માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) માન. કૃષિ મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપવા માટે ઉભા થઈ રહયા હતાં તે તબકકે સભાગૃહનો સમય પૂરો થવા આવતાં, માન.મુખ્ય દંડકશ્રીએ મંત્રીશ્રીઓના જવાબ અને માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં કોંગ્રેસ પક્ષના દંડકશ્રીએ જણાવ્યું કે સરકાર ખેડૂતોને આપવામાં આવતી સબસિડીમાં વધારો કરવાની જાહેરાત કરે તો અમે સમય લંબાવવાની બાબતને સમર્થન કરવા તૈયાર છીએ.

આ તબકકે માન.અધ્યક્ષશ્રીએ ગૃહનો સમય માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી લંબાવ્યો. આ તબકકે સભાગૃહમાં તમામ હાજર વિરોધ પક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા.

(૭) **તા.૨૨મી માર્ચ, ૨૦૦૭ (બીજી બેઠક)**

તા.૨૨મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) દરમિયાન માન.વિરોધ પક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિરોધ પક્ષને ચર્ચા માટે ઓછો સમય ફળવાયો છે તેમ જણાવી અમે સભાત્યાગ કરીએ છીએ. સભાગૃહમાં ઉપસ્થિત રહેલાં વિરોધ પક્ષના નેતા સહિત

હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા.

(૮) **તા.૩૦મી માર્ચ, ૨૦૦૭**

તા.૩૦મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભામોકૂફીનો પ્રસ્તાવ વિશાળ જાહેર હિતના સંદર્ભમાં ન હોઈ અને વ્યકિતગત કિસ્સો હોઈ માન.અધ્યક્ષશ્રીએ પરવાનગી આપતા નથી, તેમ જણાવ્યું.

આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરતાં વેલમાં ધસી જઈ બેસી ગયા અને કાગળો ફાડીને ઉડાડવાનું તેમજ સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં માન.અધ્યક્ષશ્રીએ વેલમાં બેસી જઈ સતત તોફાની વર્તણૂંક કરતાં સભ્યશ્રીઓને સભાગૃહની કાર્યવાહીમાંથી નિયમ-૫૧ હેઠળ દૂર કરવાનો આદેશ આપ્યો.

આ તબક્કે માન.વિરોધ પક્ષના નેતાશ્રી સહિત કેટલાક વિરોધ પક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રક્ષેકો :**

**૩૮. સત્ર દરમિયાન સભાગૃહની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકોની વિગત :**

| | | | |
|---|---|---|---|
| (૧) | રાજયપાલ દીર્ઘામાં જોવા આવેલ પ્રેક્ષકો | :- | ૯ |
| (૨) | અધ્યક્ષ દીર્ઘામાં જોવા આવેલ પ્રેક્ષકો | :- | ૭૫૦૦ |
| (૩) | અતિથિ વિશેષ દીર્ઘામાં જોવા આવેલ પ્રેક્ષકો | :- | ૪૨૨૦ |
| (૪) | પ્રેક્ષક દીર્ઘામાં જોવા આવેલ પ્રેક્ષકો | :- | ૧૮૯૯૪ |
| (૫) | શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ મુલાકાતીઓ (ગ્રુપ પાસની સંખ્યા :-૨૬૪) | :- | ૧૧૦૫૧ |
| (૬) | એન્ટ્રી પાસ | :- | ૪૭૩૧ |
| | કુલ | :- | ૪૬૫૦૫ |

પત્રક ક્રમાંક-૧

(જુઓ ફકરા ક્રમાંકઃ ૧)

સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને ટકાવારી

| ક્રમ | દિવસોની સંખ્યા : ૨૩ | કુલ કલાક : ૧૧૯ કલાક | | |
|---|---|---|---|---|
| | | કલાક | મિનિટ | ટકાવારી |
| ૧. | પ્રશ્નોત્તરી | ૨૧ | ૨૨ | ૧૭.૯૬ |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી | ૧૫ | ૪૭ | ૧૩.૨૬ |
| | (બ) બિન સરકારી | ૫ | ૧૯ | ૪.૪૭ |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૪૯ | ૪૩ | ૪૧.૭૮ |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભામોકૂફીના પ્રસ્તાવો | - | - | - |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | - | - | - |
| | (ક) બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિન-સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૧ | ૧૧ | ૦.૯૯ |
| ૫. | રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા | ૭ | ૩૧ | ૬.૩૨ |
| ૬. | બિન સરકારી સંકલ્પો | ૪ | ૧૯ | ૩.૬૩ |
| ૭. | વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | - | - | - |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦ | ૪૨ | ૦.૫૯ |
| ૯. | અન્ય બાબતો | ૧૩ | ૦૬ | ૧૧.૦૦ |
| | કુલ | ૧૧૯ | ૦૦ | ૧૦૦.૦૦ |

## પત્રક ક્રમાંક - ૨
(જુઓ ફકરા ક્રમાંક : ૨)
## સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો : ૨૩ સભાગૃહની બેઠકો : ૨૮

| ક્રમાંક | વાર | તારીખ | બેઠકો શરૂ થવાનો અને પૂરી થવાનો સમય ક. મિ. | ક. મિ. | વિશ્રાંતિ ક. મિ. | બેઠકનો ખરેખરો સમય ક. મિ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગુરૂવાર | ૨૨-૨-૦૭ | ૧.૧૫ | ૫.૧૬ | ૦.૪૫ | ૩.૧૬ |
| ૨ | શુક્રવાર | ૨૩-૨-૦૭ | ૮.૩૦ | ૧.૧૧ | ૦.૩૦<br>૧.૦૪<br>(મુલતવી) | ૩.૦૭ |
| ૩ | સોમવાર | ૨૬-૨-૦૭ | ૧૨.૦૦ | ૬.૫૯ | ૦.૪૫ | ૬.૧૪ |
| ૪ | મંગળવાર | ૨૭-૨-૦૭ | ૧૨.૦૦ | ૫.૧૫ | ૦.૪૫ | ૪.૩૦ |
| ૫ | બુધવાર | ૨૮-૨-૦૭ | ૧૨.૦૦ | ૫.૨૦ | ૦.૪૫ | ૪.૩૫ |
| ૬ | ગુરૂવાર | ૧-૩-૦૭ | ૧૨.૦૦ | ૪.૧૯ | ૦.૪૬ | ૩.૩૩ |
| ૭ | શુક્રવાર | ૨-૩-૦૭ | ૮.૩૦ | ૧.૧૭ | ૦.૩૦ | ૪.૧૭ |
| ૮ | સોમવાર | ૫-૩-૦૭ | ૧૨.૦૦ | ૫.૦૪ | ૦.૪૫ | ૪.૧૯ |
| ૯ | મંગળવાર | ૬-૩-૦૭ | | | | |
| | | (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | ૪.૦૦ |
| | | (બીજી બેઠક) | ૨.૩૦ | ૭.૦૦ | ૦.૩૦ | ૪.૦૦ |
| ૧૦ | બુધવાર | ૭-૩-૦૭ | ૧૨.૦૦ | ૫.૨૦ | ૦.૪૫ | ૪.૩૫ |
| ૧૧ | ગુરૂવાર | ૮-૩-૦૭ | ૧૨.૦૦ | ૫.૨૭ | ૦.૪૫ | ૪.૪૨ |
| ૧૨ | શુક્રવાર | ૯-૩-૦૭ | ૮.૩૦ | ૧.૦૩ | ૦.૧૫<br>(મુલતવી)<br>૦.૩૦ | ૩.૪૮ |
| ૧૩ | સોમવાર | ૧૨-૩-૦૭ | ૧૨.૦૦ | ૫.૧૬ | ૦.૪૫ | ૪.૩૧ |
| ૧૪ | મંગળવાર | ૧૩-૩-૦૭ | | | | |
| | | (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૫૮ | ૦.૩૦ | ૩.૫૭ |
| | | (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૮ | ૦.૩૦ | ૩.૫૮ |

| ક્રમાંક | વાર | તારીખ | બેઠકો શરૂ થવાનો અને પૂરી થવાનો સમય | | વિશ્રાંતિ | બેઠકનો ખરેખરો સમય |
|---|---|---|---|---|---|---|
| | | | ક. મિ. | ક. મિ. | ક. મિ. | ક. મિ. |
| ૧૫ | બુધવાર | ૧૪-૩-૦૭ | ૧૨.૦૦ | ૬.૧૩ | ૦.૪૫<br>૦.૧૫<br>(મુલતવી) | ૫.૧૩ |
| ૧૬ | ગુરૂવાર | ૧૫-૩-૦૭<br>(પહેલી બેઠક)<br>(બીજી બેઠક) | ૮.૩૦<br>૨.૩૦ | ૧.૦૫<br>૭.૦૮ | ૦.૩૦<br>૦.૧૫<br>(મુલતવી)<br>૦.૨૨ | ૪.૦૫<br>૪.૦૧ |
| ૧૭ | શુક્રવાર | ૧૬-૩-૦૭ | ૮.૩૦ | ૧.૨૨ | ૦.૩૦ | ૪.૨૨ |
| ૧૮ | બુધવાર | ૨૧-૩-૦૭ | ૧૨.૦૦ | ૬.૧૧ | ૦.૪૫ | ૫.૨૬ |
| ૧૯ | ગુરૂવાર | ૨૨-૩-૦૭<br>(પહેલી બેઠક)<br>(બીજી બેઠક) | ૮.૩૦<br>૨.૩૦ | ૧૨.૫૯<br>૭.૧૨ | ૦.૩૦<br>૦.૧૭ | ૩.૫૯<br>૪.૨૫ |
| ૨૦ | શુક્રવાર | ૨૩-૩-૦૭ | ૮.૩૦ | ૧૨.૩૩ | ૦.૧૫<br>(મુલતવી)<br>૦.૩૯<br>(મુલતવી)<br>૦.૩૦ | ૨.૪૦ |
| ૨૧ | બુધવાર | ૨૮-૩-૦૭ | ૧૨.૦૦ | ૬.૨૭ | ૦.૪૫ | ૫.૪૨ |
| ૨૨ | ગુરૂવાર | ૨૯-૩-૦૭<br>(પહેલી બેઠક)<br>(બીજી બેઠક) | ૮.૩૦<br>૨.૩૦ | ૧.૦૦<br>૮.૨૭ | ૧.૫૪<br>૦.૧૫<br>(મુલતવી)<br>૦.૩૮<br>(મુલતવી) | ૨.૩૬<br>૫.૦૩ |
| ૨૩ | શુક્રવાર | ૩૦-૩-૦૭ | ૮.૩૦ | ૧.૦૬ | ૦.૩૦ | ૪.૦૬ |

## પત્રક ક્રમાંક : ૩
### (જુઓ ફકરા ક્રમાંક : ૩)
### સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી
### (માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી અને મુખ્યદંડકશ્રી સિવાય)

| અનુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર-હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નરેન્દ્રસિંહ માધવસિંહજી જાડેજા | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૨ | શ્રી છબીલભાઈ નારણભાઈ પટેલ | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૩ | શ્રી શીવજીભાઈ કરસનભાઈ આહીર | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૪ | શ્રી ગોપાલભાઈ ગાભાભાઈ ધુઆ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૫ | ડૉ. નીમાબેન ભાવેશ આચાર્ય | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી શાહ | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૭ | શ્રી મનહરલાલ મગનલાલ મકવાણા | ૨૧ | ૭ | ૨૮ | - |
| ૮ | શ્રી ધનરાજભાઈ ગોવિંદભાઈ કેલા | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૯ | શ્રી ભવાનભાઈ જીવણભાઈ ભરવાડ | ૨ | ૨૬ | ૨૮ | ૨૬ દિવસ સસ્પેન્શન ને કારણે |
| ૧૦ | શ્રી પોપટભાઈ સવસીભાઈ જીંજરીયા | ૧૯ | ૯ | ૨૮ | - |
| ૧૧ | શ્રી જયંતિલાલ રામજીભાઈ કવાડીયા | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૨ | શ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજા (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શિવાભાઈ અમૃતિયા | ૦ | ૨૮ | ૨૮ | - |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયા | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૧૫ | શ્રીમતી જયોત્સનાબેન જીતેન્દ્રભાઈ સોમાણી | ૧૫ | ૧૩ | ૨૮ | - |
| ૧૬ | શ્રી કુંવરજીભાઈ મોહનભાઈ બાવળીયા | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૧૭ | શ્રી ટપુભાઈ લીબાભાઈ લીંબાસીયા | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૯ | શ્રી સિધ્ધાર્થ માયારામ પરમાર | ૨૧ | ૭ | ૨૮ | - |

| અનુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર-હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૨૦ | શ્રી જયરાજસિંહ ટેમુભા જાડેજા | ૭ | ૨૧ | ૨૮ | - |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૨૨ | શ્રી વિઠ્ઠલભાઈ હંસરાજભાઈ રાદડીયા | ૦ | ૨૮ | ૨૮ | - |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડીયા | ૧૯ | ૯ | ૨૮ | - |
| ૨૪ | શ્રી પરસોત્તમભાઈ નાનજીભાઈ ભોજાણી | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૨૫ | પ્રો. વસુબેન નરેન્દ્ર ત્રિવેદી | ૨૩ | ૫ | ૨૮ | - |
| ૨૬ | ડૉ. દિનેશ પરમાર | ૨ | ૨૬ | ૨૮ | ૨૬ દિવસ સસ્પેન્શન ને કારણે |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૨૮ | શ્રી ચીમનલાલ ધરમશીભાઈ સાપરિયા | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૩૦ | શ્રી કારૂભાઈ નારણભાઈ ચાવડા | ૨૦ | ૮ | ૨૮ | - |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૯ | ૧૯ | ૨૮ | - |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (વિરોધ પક્ષના નેતાશ્રી) | - | - | - | - |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૩૪ | ડૉ.ચંદ્રિકાબેન કાનજીભાઈ ચુડાસમા | ૨૨ | ૬ | ૨૮ | - |
| ૩૫ | શ્રી રતીભાઈ ગોરધનભાઈ સુરેજા, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૩૬ | શ્રી માધાભાઈ લાખાભાઈ બોરીચા | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૩૭ | શ્રી ગોવિંદભાઈ વરજાંગભાઈ પરમાર | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૩૮ | શ્રી જેસાભાઈ ભાણાભાઈ બારડ | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૩૯ | શ્રી પુંજાભાઈ ભીમાભાઈ વંશ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા | ૨૮ | ૦ | ૨૮ | - |

| અનુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર-હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૪૧ | શ્રી ભીખાભાઈ ગલાભાઈ જોષી | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૪૨ | શ્રી મહેન્દ્રકુમાર લીલાધર મશરૂ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઊંધાડ | ૨૦ | ૮ | ૨૮ | - |
| ૪૪ | શ્રી બેચરભાઈ વીરજીભાઈ ભાદાણી | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૪૫ | શ્રી પરેશભાઈ ધીરજલાલ ધાનાણી | ૨ | ૨૬ | ૨૮ | ૨૬ દિવસ સસ્પેન્શન ને કારણે |
| ૪૬ | શ્રી બાલુભાઈ જીવરાજભાઈ તંતી | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૪૭ | શ્રી દીનુભાઈ બોઘાભાઈ સોલંકી | ૩ | ૨૫ | ૨૮ | - |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૧૬ | ૧૨ | ૨૮ | - |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ (દલાલ) , (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૫૦ | શ્રી પ્રવિણભાઈ ટીડાભાઈ મારૂ | ૨૦ | ૮ | ૨૮ | - |
| ૫૧ | શ્રી મનસુખભાઈ લક્ષ્મણભાઈ માંડવિયા | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૨૩ | ૫ | ૨૮ | - |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૫૫ | શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૫૭ | શ્રી મહેન્દ્ર શાંતિભાઈ ત્રિવેદી | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૫૮ | શ્રી સુનીલ બાલકૃષ્ણભાઈ ઓઝા | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૫૯ | શ્રી ભરતભાઈ બળદેવભાઈ પંડયા | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૬૦ | શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૬૧ | શ્રી કાંતિભાઈ રામાભાઈ લકુમ | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૬૩ | શ્રી વજુભાઈ પરમાભાઈ ડોડિયા | ૨૬ | ૨ | ૨૮ | - |

| અનુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર-હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૬૪ | શ્રી અમિતભાઈ અનિલચંદ્ર શાહ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૬૬ | શ્રી જગદીશ મોતીલાલ ઠાકોર | ૨ | ૨૬ | ૨૮ | ૨૬ દિવસ સસ્પેન્શન ને કારણે |
| ૬૭ | ડૉ. જીતેન્દ્રભાઈ બાબુભાઈ પટેલ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૬૮ | શ્રી ભાવિનભાઈ નલિનભાઈ શેઠ | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૭૦ | શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયા શેખ, | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા, | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૭૩ | શ્રી ગોરધનભાઈ પ્રાગજીભાઈ ઝડફિયા, | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૭૪ | શ્રી જીતેન્દ્રકુમાર ઉમાકાંતભાઈ વાઘેલા, | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૭૫ | શ્રી અશોક ભટ્ટ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અ.કરીમ ખેડાવાળા, | ૧૭ | ૧૧ | ૨૮ | - |
| ૭૭ | શ્રી નરેન્દ્ર દામોદરદાસ મોદી, (મુખ્યમંત્રીશ્રી) | - | - | - | - |
| ૭૮ | ડૉ. માયાબેન સુરેન્દ્રભાઈ કોડનાની, | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૭૯ | ડૉ. સી. જે. ચાવડા | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૮૦ | ડૉ. અતુલ કે. પટેલ, | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૮૧ | શ્રી બળદેવજી ચંદુજી ઠાકોર, | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૮૨ | શ્રી ઈશ્વરભાઈ ધનાભાઈ મકવાણા, | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૮૩ | શ્રી અનિલભાઈ ત્રિભોવનદાસ પટેલ, (મંત્રીશ્રી) | - | - | - | - |

| અનુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર-હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૮૪ | પ્રો. મંગળભાઈ માધવદાસ પટેલ, (અધ્યક્ષશ્રી) | - | - | - | - |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૮૬ | શ્રી પ્રહલાદભાઈ મોહનલાલ પટેલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૮૭ | શ્રીમંતી રમીલાબહેન રામભાઈ દેસાઈ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુભાઈ પટેલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૮૯ | શ્રી બલવંતસિંહ ચંદનસિંહ રાજપૂત | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૯૨ | શ્રી માલજીભાઈ દેવજીભાઈ દેસાઈ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૯૩ | શ્રી દિલિપકુમાર વિરાજીભાઈ ઠાકોર, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૯૫ | શ્રી હેમાજી દરઘાજી રાજપૂત | ૨૦ | ૮ | ૨૮ | - |
| ૯૬ | શ્રી ભેમાભાઈ રામસીંગભાઈ પટેલ | ૮ | ૨૦ | ૨૮ | - |
| ૯૭ | શ્રી ધારશીભાઈ લખાભાઈ ખાનપુરા | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૯૮ | શ્રી ગોવાભાઈ હમીરાભાઈ રબારી | ૨૨ | ૬ | ૨૮ | - |
| ૯૯ | શ્રી હરજીવનભાઈ હીરાભાઈ પટેલ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૦૦ | શ્રી કાન્તિલાલ ધરમદાસ કચોરીયા | ૧ | ૨૭ | ૨૮ | - |
| ૧૦૧ | શ્રી દોલતભાઈ ચેલારામ પરમાર | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૦૨ | શ્રી મુકેશકુમાર ભૈરવદાનજી ગઢવી | ૧૭ | ૧૧ | ૨૮ | - |
| ૧૦૩ | શ્રીમતી રમીલાબેન બહેચરભાઈ બારા | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૦૫ | ડૉ.અનિલ જાલજીભાઈ જોષીયારા | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૦૬ | શ્રી રણજીતસિંહ નારસિંહ ચાવડા | ૨૮ | ૦ | ૨૮ | - |

| અનુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર-હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧૦૭ | શ્રી દિપસિંહ શંકરસિંહ રાઠોડ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૦૮ | શ્રી દિલિપસિંહ વખતસિંહ પરમાર | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૦૯ | શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકી | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૧૧૦ | શ્રીમતી ભીખીબેન ગીરવતસિંહ પરમાર | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૧૧ | શ્રી પ્રબોધકાંત દામોદર પંડયા | ૨૩ | ૫ | ૨૮ | - |
| ૧૧૨ | શ્રી ભુરાભાઈ જેતાભાઈ કટારા | ૧૫ | ૧૩ | ૨૮ | - |
| ૧૧૩ | શ્રી મહેશભાઈ સોમજીભાઈ ભુરિયા | ૧૫ | ૧૩ | ૨૮ | - |
| ૧૧૪ | શ્રી તેરસિંહભાઈ બદિયાભાઈ ડામોર | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૧૧૫ | શ્રી બાબુભાઈ શોનીયાભાઈ ભાભોર | ૧૩ | ૧૫ | ૨૮ | - |
| ૧૧૬ | શ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૧૧૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૧૧૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૧૯ | શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૨૦ | શ્રી હરેશકુમાર ઈન્દુપ્રસાદ ભટ્ટ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૨૧ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૨૨ | શ્રી કાળુભાઈ હીરાભાઈ માલીવાડ | ૨૧ | ૭ | ૨૮ | - |
| ૧૨૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૨૪ | શ્રી રાજેશ ગજાનન પાઠક | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૧૨૫ | શ્રી બિમલ શાહ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૨૬ | શ્રી ભગવાનસિંહ રાયસિંહ ચૌહાણ | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૧૨૭ | શ્રી વિષ્ણુભાઈ છોટાભાઈ પટેલ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૨૮ | શ્રી ગૌતમભાઈ જેસંગભાઈ ઝાલા | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૨૯ | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૩૦ | શ્રી નટવરસિંહ ફૂલસિંહ ઠાકોર | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૩૧ | શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈ | ૨૩ | ૫ | ૨૮ | - |

| અનુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર-હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧૩૨ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૩૩ | શ્રી દિલીપભાઈ મણીભાઈ પટેલ | ૧૩ | ૧૫ | ૨૮ | - |
| ૧૩૪ | શ્રી જશવંતસિંહજી અમરસિંહજી સોલંકી | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૩૫ | શ્રી સી. ડી. પટેલ, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૩૬ | શ્રી અંબાલાલ આશાભાઈ રોહિત | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૩૭ | શ્રી રાકેશ નટવરલાલ રાવ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૩૮ | શ્રી અમિત અજિતસિંહ ચાવડા | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૧૩૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૨૩ | ૫ | ૨૮ | - |
| ૧૪૦ | શ્રી શિરીષકુમાર મધુસુદન શુક્લ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૪૧ | શ્રી શંકરભાઈ વીછીયાભાઈ રાઠવા | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૪૨ | શ્રી વેચાતભાઈ હમીરભાઈ બારીયા | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૧૪૩ | શ્રી કાંતિભાઈ ત્રીકમભાઈ ભીલ | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૧૪૪ | શ્રી કાન્તિભાઈ ભાઈજીભાઈ તડવી | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૪૫ | શ્રી ચંદ્રકાંત મોતીભાઈ પટેલ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૪૬ | શ્રી ઉપેન્દ્રસિંહજી પ્રતાપસિંહજી ગોહિલ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૪૭ | શ્રી ભુપેન્દ્ર લાખાવાળા, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૪૮ | શ્રી જીતેન્દ્ર રતીલાલ સુખડીયા, (મુખ્ય દંડકશ્રી) | - | - | - | - |
| ૧૪૯ | શ્રી યોગેશભાઈ નારાયણભાઈ પટેલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૫૦ | શ્રી મધુભાઈ બાબુલાલ શ્રીવાસ્તવ | ૨૨ | ૬ | ૨૮ | - |
| ૧૫૧ | શ્રી દિલુભા ટેમુભા ચુડાસમા | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૧૫૨ | શ્રી પુનમ રણછોડસિંહ પરમાર | ૦૩ | ૨૫ | ૨૮ | - |
| ૧૫૩ | શ્રી નરેશકુમાર મીઠાલાલ કનોડીયા | ૨૩ | ૫ | ૨૮ | - |
| ૧૫૪ | શ્રી છત્રસિંહ પુંજાભાઈ મોરી, (મંત્રીશ્રી) | - | - | - | - |
| ૧૫૫ | શ્રીમતી રશીદા ઈકબાલ પટેલ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૫૬ | શ્રી રમેશભાઈ નારણદાસ મિસ્ત્રી | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૫૭ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | ૨૬ | ૨ | ૨૮ | - |

| અનુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર-હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧૫૮ | શ્રી છોટુભાઈ અમરસિંહ વસાવા | ૧૦ | ૧૮ | ૨૮ | - |
| ૧૫૯ | શ્રી મહેશભાઈ છોટુભાઈ વસાવા | ૧૦ | ૧૮ | ૨૮ | - |
| ૧૬૦ | શ્રી હર્ષદભાઈ ચુનીલાલ વસાવા | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૧૬૧ | શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ વસાવા | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૧૬૨ | શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા | ૧૫ | ૧૩ | ૨૮ | - |
| ૧૬૩ | શ્રી કાન્તિલાલ રેશમભાઈ ગામીત | ૧૩ | ૧૫ | ૨૮ | - |
| ૧૬૪ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૨૨ | ૬ | ૨૮ | - |
| ૧૬૫ | શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૬૬ | શ્રી અનિલકુમાર મોહનભાઈ પટેલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૬૭ | શ્રી પ્રવિણભાઈ છગનભાઈ રાઠોડ | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૧૬૮ | શ્રી ધનસુખભાઈ નાથુભાઈ પટેલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૬૯ | શ્રી ધીરુભાઈ હરિભાઈ ગજેરા | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૭૦ | શ્રી મનીષ નટવરલાલ ગિલીટવાલા | ૨૦ | ૮ | ૨૮ | - |
| ૧૭૧ | શ્રીમતી ભાવનાબેન હેમંતભાઈ ચપટવાલા | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૭૨ | શ્રી નરોત્તમભાઈ પટેલ, **(મંત્રીશ્રી)** | - | - | - | - |
| ૧૭૩ | શ્રી રમેશભાઈ છોટુભાઈ પટેલ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૭૪ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ, **(મંત્રીશ્રી)** | - | - | - | - |
| ૧૭૫ | શ્રી કરસનભાઈ ભીખાભાઈ પટેલ | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૧૭૬ | શ્રીમતી ભારતીબેન નરદેવભાઈ પટેલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૭૭ | શ્રી માધુભાઈ જેલીયાભાઈ ભોયે | ૨૫ | ૩ | ૨૮ | - |
| ૧૭૮ | શ્રી દોલતરાય નાથુભાઈ દેસાઈ | ૨૮ | ૦ | ૨૮ | - |
| ૧૭૯ | શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ૨૬ | ૨ | ૨૮ | - |
| ૧૮૦ | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ૨૪ | ૪ | ૨૮ | - |
| ૧૮૧ | શ્રી લક્ષ્મણભાઈ બાબુભાઈ પટેલ | ૨૭ | ૧ | ૨૮ | - |
| ૧૮૨ | શ્રી શંકરભાઈ મંગલાભાઈ વારલી | ૨૩ | ૫ | ૨૮ | - |
| | કુલ | ૩૫૪૧ | ૭૪૩ | ૪૨૮૪ | - |

## પત્રક ક્રમાંક - ૪

જુઓ ફકરા ક્રમાંક ૩

### સભ્યોની તારીખવાર હાજરી

(મા. અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી અને મુખ્ય દંડકશ્રી સિવાય)

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેર હાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧૨. | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂક્વામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૭-૩-૨૦૦૭ |
| ૧૩. | ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુક્વામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૮-૩-૨૦૦૭ |
| ૧૪. | ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ અને કામચલાઉ વાર્ષિક હિસાબો. | ૮-૩-૨૦૦૭ |
| ૧૫. | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૮-૩-૨૦૦૭ |

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧૬. | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૮-૩-૨૦૦૭ |
| ૧૭. | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૮-૩-૨૦૦૭ |
| ૧૮. | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા. | ૯-૩-૨૦૦૭ |
| ૧૯. | ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદન | ૯-૩-૨૦૦૭ |
| ૨૦. | ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૨-૩-૨૦૦૭ |
| ૨૧. | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૩-૩-૨૦૦૭ |
| ૨૨. | ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૩-૩-૨૦૦૭ |
| ૨૩. | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ | ૧૩-૩-૨૦૦૭ |
| ૨૪. | ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૪-૩-૨૦૦૭ |

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૨૫. | ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૪-૩-૨૦૦૭ |
| ૨૬ અને ૨૭ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ અને સન ૨૦૦૭-૨૦૦૮નું વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર) તથા સન ૨૦૦૩-૨૦૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૧૪-૩-૨૦૦૭ |
| ૨૮. | વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૧૫-૩-૨૦૦૭ |
| ૨૯. | ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૫-૩-૨૦૦૭ |
| ૩૦ અને ૩૧ | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ અને સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક હિસાબો | ૨૨-૩-૨૦૦૭ |
| ૩૨ થી ૩૪ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ના સન ૨૦૦૧-૨૦૦૨, સન ૨૦૦૨-૨૦૦૩ અને સન ૨૦૦૩-૨૦૦૪ ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો | ૨૨-૩-૨૦૦૭ |
| ૩૫ અને ૩૬ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ અને સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૩-૨૦૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૨-૩-૨૦૦૭ |

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૩૭ | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩-૩-૨૦૦૭ |
| ૩૮ | ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩-૩-૨૦૦૭ |
| ૩૯ | આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૩-૩-૨૦૦૭ |
| ૪૦ | ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૮-૩-૨૦૦૭ |
| ૪૧ | ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૮-૩-૨૦૦૭ |
| ૪૨ | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૯-૩-૨૦૦૭ |
| ૪૩ | ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯-૩-૨૦૦૭ |

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| ૪૪ અને ૪૫ | ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૦૭-૨૦૦૮નું અંદાજપત્ર તથા સન ૨૦૦૬-૨૦૦૭નું સુધારેલું અંદાજપત્ર | ૨૯-૩-૨૦૦૭ |
| ૪૬ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ | ૨૯-૩-૨૦૦૭ |
| ૪૭ | ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૪-૨૦૦૫ના વાર્ષિક હિસાબો તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂક્વામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૯-૩-૨૦૦૭ |
| ૪૮ | ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષનું સુધારેલ અંદાજપત્રક તથા સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનો ગૃહનિર્માણ કાર્યક્રમ અને મૂડીના કામોનું અંદાજપત્ર | ૨૯-૩-૨૦૦૭ |
| ૪૯ | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૦૫-૨૦૦૬ના સુધારેલા અંદાજો અને સન ૨૦૦૬-૨૦૦૭ના અંદાજો તથા આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂક્વામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૯-૩-૨૦૦૭ |

પત્રક ક્રમાંક ૨૩

(જુઓ ફકરા ક્રમાંક : ૩૩)

**ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી**

ફેબ્રુઆરી-૨૦૦૭

| | |
|---|---|
| ગુરુવાર, ૨૨મી | (૧) <u>રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજૂઆત</u><br>સભ્યશ્રી ભરતભાઈ પંડયાએ નામદાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. |
| | (૨) <u>શોકદર્શક ઉલ્લેખો</u><br>ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રી સ્વ. શ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલ, ગુજરાત સરકારના માજી સંસદીય સચિવ સ્વ. શ્રી ચીમનભાઈ પુરુષોતમદાસ પટેલ, મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી રમણલાલ સોની, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ. શ્રી રમણીકભાઈ ધનજીભાઈ પટેલ, સ્વ. શ્રી ભગવાનદાસ કે. સોનગરા, સ્વ. શ્રી હરિભાઈ છગનભાઈ પટેલ, સ્વ. શ્રી ગબાભાઈ સોમાભાઈ ચૌહાણ અને સ્વ. શ્રી જયંતિભાઈ મચ્છરના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.<br>(૩) <u>વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક</u><br>(અ) સન ૨૦૦૭નો વટહુકમ ક્રમાંક : ૧ સન ૨૦૦૭નો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ નામંજૂર કરવા અંગેનો સભ્ય ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાનો પ્રસ્તાવ<br>(બ) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક : ૩ - સન ૨૦૦૭નુ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, |
| શુક્રવાર, તા.૨૩મી | (૧) સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત |
| | (૨) સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત |
| શનિવાર, તા.૨૪મી | <u>રજા</u> |

| | |
|---|---|
| **રવિવાર, તા.૨૫મી** | **<u>રજા</u>** |
| સોમવાર, તા.૨૬મી | <u>**સરકારી વિધેયકો**</u><br>(૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧- સન ૨૦૦૭નું ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક,<br>(૨) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૦૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક,<br>(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૪- સન ૨૦૦૭નું પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી વિધેયક, |
| મંગળવાર, તા.૨૭મી | **(૧) શોકદર્શક ઉલ્લેખ -**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.સુશ્રી અરૂણાબહેન શંકરપ્રસાદ દેસાઈના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ.<br>**(૨) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ચર્ચા (પહેલો દિવસ)** |
| બુધવાર, તા.૨૮મી | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ચર્ચા (બીજો દિવસ) |
| **માર્ચ-૨૦૦૭** | |
| ગુરૂવાર, તા.૧લી | (૧) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) |
| | (૨) બિન-સરકારી વિધેયકો |
| શુક્રવાર, તા.૨જી | પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) |
| **શનિવાર, તા.૩જી** | **<u>બેઠક ન હતી</u>** |
| **રવિવાર, તા.૪થી** | **<u>રજા</u>** |
| સોમવાર, તા.૫મી | પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) |
| મંગળવાર, તા.૬ઠ્ઠી | પહેલી બેઠક<br>અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)<br>બીજી બેઠક<br>અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) |
| બુધવાર, તા.૭મી | (૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંકઃ-૯- સન ૨૦૦૭નું ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક<br>(૨) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) |

| | |
|---|---|
| ગુરુવાર, તા.૮મી | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) |
| શુક્રવાર, તા.૯મી | (૧) શોકદર્શક ઉલ્લેખ<br>ગુજરાતના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ભૂપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજાના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ<br>(૨) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) |
| શનિવાર, તા.૧૦મી | રજા |
| રવિવાર, તા.૧૧મી | રજા |
| સોમવાર, તા.૧૨મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) |
| મંગળવાર, તા.૧૩મી | પહેલી બેઠક<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ )<br>બીજી બેઠક<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ) |
| બુધવાર, તા.૧૪મી | માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પાચમો દિવસ) |
| ગુરુવાર, તા.૧૫મી | પહેલી બેઠક<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)<br>બીજી બેઠક<br>(૧) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)<br>(૨) બિન-સરકારી વિધેયકો |
| શુક્રવાર, તા.૧૬મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) |
| શનિવાર, તા.૧૭મી | બેઠક ન હતી |
| રવિવાર, તા.૧૮મી | રજા |
| સોમવાર, તા.૧૯મી | બેઠક ન હતી |
| મંગળવાર, તા.૨૦મી | જાહેર રજા |

| | |
|---|---|
| બુધવાર, તા.૨૧મી | (૧) શોકદર્શક ઉલ્લેખ<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ગુલાબભાઈ ભુલાભાઈ પટેલ, ડો. વસંતલાલ વૃજલાલ પરીખ તથા સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગેનાં શોકદર્શક ઉલ્લેખ.<br>(૨) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) |
| ગુરુવાર, તા.૨૨મી | પહેલી બેઠક<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)<br>બીજી બેઠક<br>(૧) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)<br>(૨) બિન-સરકારી સંકલ્પો |
| શુક્રવાર, તા.૨૩મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ ) |
| શનિવાર, તા.૨૪મી | <u>રજા</u> |
| રવિવાર, તા.૨૫મી | <u>રજા</u> |
| સોમવાર, તા.૨૬મી | <u>બેઠક ન હતી</u> |
| મંગળવાર,તા.૨૭મી | <u>જાહેર રજા</u> |
| બુધવાર, તા.૨૮મી | (૧) અધ્યક્ષશ્રીને અધ્યક્ષપદેથી દૂર કરવા માટેના પ્રસ્તાવને સભાગૃહે પરવાનગી આપવા બાબત<br>(૨) <u>સરકારી વિધેયકો</u><br>(૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૬- સન ૨૦૦૭નું ગુજરાત વિનિયોગ વિધેયક<br>(૨) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૯- સન ૨૦૦૭નું મુંબઈ મોટર વાહનવેરા (ગુજરાત સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૦- સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક<br>(૪) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૨- સન ૨૦૦૭નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક |

| | |
|---|---|
| | (૫) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૧- સન ૨૦૦૭નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક<br>(૬) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૮- સન ૨૦૦૭નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક<br>(૭) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૭- સન ૨૦૦૭નું ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખ સુવિધાકર (સુધારા) વિધેયક<br>(૮) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૫- સન ૨૦૦૭નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક<br>(૯) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૭- સન ૨૦૦૭નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક<br>**(૩) અડધા કલાકની ચર્ચા**<br>**(૪) માનનીય સભ્યશ્રી શિવજીભાઈ આહિરની સૂચના**<br>તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૭ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૦૩૮ (અગ્રતાક્રમ-૭૦) ભૂજમાં મેડીકલ કોલેજ શરૂ કરવા બાબતના સંબંધમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ આપેલા લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અડધા કલાકની ચર્ચા. |
| ગુરુવાર, તા. ૨૯મી | પહેલી બેઠક<br>**સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૭નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક<br>(૨) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૭નું ગુજરાત ખેત - ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૭નું ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક (ચર્ચા અધૂરી)<br>બીજી બેઠક<br>**(૧) સરકારી વિધેયક**<br>સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૭નું ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક (ચર્ચા અધૂરી) |

| | |
|---|---|
| | (૨) બિન-સરકારી વિધેયકો<br>(૩) સરકારી વિધેયકો<br>(૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૦૭નું ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન વિધેયક<br>(૨) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક<br>(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૭નું ગુજરાત ખાસ આર્થિક ઝોન (સુધારા) વિધેયક |
| શુક્રવાર, તા.૩૦મી | (૧) સરકારી વિધેયકો<br>(૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક<br>(૨) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૦૭નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૭નું ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક<br>(૪) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક - ૨૮- ૨૦૦૭નું ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી વિધેયક<br>(૫) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૦૭નું કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિધેયક<br>(૨) છેલ્લા દિવસનો પ્રસ્તાવ |

પત્રક ક્રમાંક - ૨૪
(જુઓ ફકરા ક્રમાંક :૩૪)

રોજેરોજના કામકાજનો સારાંશ

ગુરૂવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૦૭

નામદાર રાજ્યપાલશ્રી નવલકિશોર શર્માએ બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભાગૃહને હિન્દીમાં સંબોધન કર્યું

ત્યારબાદ પંદર મિનિટના વિરામ બાદ બપોરના ૧.૧૫ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

અધ્યક્ષસ્થાને માનનીય અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ

(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ્" રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવીને કરવામાં આવી.)

૧. સચિવશ્રીએ નામદાર રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨ સભ્યશ્રી ભરતભાઈ પંડયાએ, સભ્ય શ્રીમતી રમીલાબેન બારાના અનુમોદનથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો:-

નામદાર રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

૩. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયના ભૂતપૂર્વ મંત્રી સ્વ.શ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલ, ગુજરાત સરકારના માજી સંસદીય સચિવ સ્વ.શ્રી ચીમનભાઈ પુરૂષોત્તમદાસ પટેલ, મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી રમણલાલ સોની, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ.શ્રી રમણીકભાઈ ધનજીભાઈ પટેલ, સ્વ.શ્રી ભગવાનદાસ કે. સોનગરા, સ્વ.શ્રી હરિભાઈ છગનભાઈ પટેલ, સ્વ.શ્રી ગભાભાઈ સોમાભાઈ ચૌહાણ અને સ્વ.શ્રી જયંતિભાઈ મચ્છરના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, સભ્યો સર્વશ્રી જયંતિલાલ કવાડિયા, શ્રી રણજીતસિંહ ન.ચાવડા, શ્રી માલજીભાઈ દે.દેસાઈ, શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ, શ્રી શંકરભાઈ દે. વાઘેલા, શ્રી રાકેશ રાવ, શ્રી બાબુભાઈ મે. શાહ, શ્રી દિલિપસિંહ વ. પરમાર, શ્રી છબીલભાઈ ના.પટેલ, માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી જશુબેન સ. કોરાટ તેમજ સભ્યો સર્વશ્રી

વજુભાઈ ડોડિયા, ડૉ. અતુલભાઈ પટેલ, શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ અને શ્રીમતી રમીલાબેન રા. દેસાઈએ સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદ્‌ગતોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સર્વે સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ, સદ્‌ગતોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે, તેવી જાહેરાત કરી.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.

સન ૨૦૦૭નો વટહુકમ ક્રમાંક-૧- સન ૨૦૦૭નો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ તથા વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

૫. સચિવશ્રીએ અગિયારમી ગુજરાત વિધાનસભાના દશમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક- ૨૭, ૨૮, ૨૯ અને ૩૧ સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

૬. નીચેનું સરકારી વિધેયક અને વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ

નીચેનું સરકારી વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.

સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૩- સન ૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક

૭. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ રજૂ થતાં કોંગ્રેસપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂત તેમજ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ કામકાજ સલાહકાર સમિતિની તા.૨૬ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ છ સરકારી વિધેયકો હાથ ધરી તેની વિચારણા પૂરી કરવાને લગતી ભલામણ સામે વિરોધ વ્યક્ત કરતી રજૂઆત કરી.

૮. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**શુક્રવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ-૨માં પૂરક પ્રશ્ન પૂછતી વખતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વાંધાજનક ઉચ્ચારણો કરતાં, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેની સામે વાંધો લઈ આ શબ્દો પાછા ખેંચાવવાની માગણી કરી.

આ દરમ્યાન વિરોધપક્ષ અને સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સામ સામે સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પંદર મિનિટ માટે મુલતવી રાખી. (સવારના ૮.૫૦)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯.૦૫ વાગ્યે ફરી મળી.**

પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક:૭ નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતાં, તેની સામે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાંધો લઈ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. આ દરમ્યાન વિરોધપક્ષ અને સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ પોત પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યો. આ દરમ્યાન સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણીએ માઈક ચાલુ કરવાના મુદ્દે વિધાનસભાના સ્ટાફને ઉદ્દેશીને અપશબ્દો અને વાંધાજનક ઉચ્ચારણો કર્યા. જેની સામે સત્તાધારી પક્ષના સભ્યોએ વાંધો ઉઠાવ્યો. સભ્યશ્રી જગદીશ ઠાકોરે કરેલા વાંધાજનક ઉચ્ચારણોને માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડ ઉપરથી દૂર કર્યા. આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ આ મુદ્દે સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા અને પ્રશ્નોત્તરી પૂરી થતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં પરત ફર્યા.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, ડૉ. દિનેશભાઈ પરમાર તેમજ શ્રી ભવાનભાઈ ભરવાડે વિધાનસભાના સ્ટાફને ઉદ્દેશીને અપશબ્દો અને વાંધાજનક ઉચ્ચારણો કરવા બદલ આ ચારેય સભ્યશ્રીઓને નેઈમ કરવા સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, ડૉ. દિનેશભાઈ પરમાર તેમજ શ્રી ભવાનભાઈ ભરવાડને નેઈમ કર્યા.

૨. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે, નિયમ-પર અન્વયે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, ડૉ. દિનેશભાઈ પરમાર તેમજ શ્રી ભવાનભાઈ ભરવાડે વિધાનસભાના સ્ટાફને ઉદ્દેશીને અપશબ્દો અને વાંધાજનક ઉચ્ચારણો કરવા બદલ નેઈમ કરી સત્ર સમાપ્તિ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

આ તબક્કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આ મુદ્દે કેટલીક રજૂઆતો કરી.

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ રજૂ કરેલા પ્રસ્તાવને સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

આ તબક્કે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર વેલ ક્રોસ કરી ટ્રેઝરી બેન્ચ તરફ દોડી ગયા. સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી બળદેવજી ઠાકોર અને સભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ, ડૉ. સી.જે. ચાવડા પણ વેલમાં ધસી ગયા સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ શોરબકોર અને સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું. સભાગૃહમાં સતત શોરબકોરનું વાતાવરણ સર્જાતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક સવારના ૧૦.૩૦ વાગ્યા સુધી મુલતવી રાખી. (સવારના ૯.૪૧)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળી.**

મુલતવી રહેલ સભાગૃહની બેઠક શરૂ થતાં સસ્પેન્ડ થયેલા સભ્યો સર્વ શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, ડૉ. દિનેશ પરમાર તેમજ શ્રી ભવાનભાઈ ભરવાડને સભાગૃહમાં ઉપસ્થિત રહેલા જોઈ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે આ તરફ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ ચારે સભ્યશ્રીઓને સભાગૃહ છોડી જવા વારંવાર વિનંતી કરવા છતાં સભ્યશ્રીઓ સભાગૃહમાં બેસી રહેતાં નાછૂટકે માનનીય અધ્યક્ષશ્રીએ આ ચારેય સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઈ જવાનો આદેશ કરતાં, સલામતી દળના સભ્યો દ્વારા આ ચારેય સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા.

**આ દરમ્યાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર ચાલુ રહયા.**

**૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

(૧) ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૫ - ૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) સન ૨૦૦૫ના ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ અન્વયેના નાણા વિભાગના મધ્યમ મુદતી રાજવિત્તીય નીતિવિષયક તથા રાજવિત્તીય નિતિ- વિષયક વ્યુહરચનાને લગતા નિવેદનો

૪. માનનીય નાણાં મંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યુ.

૫. માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષ માટેનું અંદાજપત્ર વાંચીને રજૂ કર્યું.

<u>સોમવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૭</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.

(૧) ગુજરાત સ્ટેટ ફાયનાન્સીયલ સર્વિસીસ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૩) નાણા વિભાગની સન ૧૯૭૬ના ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેની તા.૨૦.૯.૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૦૨) પીએફટી-૨૦૦૬ (એસ-૨૭) (૧) (૧૦)- ઠ.

૩. પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી દિલીપસિંહ વ. પરમારે પંચાયતી રાજ સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

૪. પોઈન્ટ ઓફ ઓર્ડર.

(૧) સરકારી વિધેયક રજૂ થવાના તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૧ (ખ) તેમજ નિયમ-૧૩૦ (૧) ટાંકી આ વિધેયકો દાખલ કરવા માટે જરૂરી સમય ગાળાને લક્ષમાં લેતાં તેમજ સભ્યશ્રીઓને ચર્ચા માટે અને સુધારા રજૂ કરવા માટે પણ પૂરતો સમયનો અવકાશ રહેતો નથી, તેમજ વિધેયકની જોગવાઈઓના કારણે પ્રજાને થનાર લાભ કે નુકસાન અંગે પણ કાળજીપૂર્વકની વિચારણા થઈ શકે તેમ નથી, તેમ જણાવી વિધેયકો હાથ ધરવાની બાબત ઓર્ડરમાં ન હોવાની બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ અને કોંગ્રેસ પક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, આ બિલને રાજ્યપત્રમાં પૂર્વ પ્રસિદ્ધિ માટે નિયમ-૧૨૭ (ક) પરંતુક અન્વયે મંજૂરી આપી હોઈ નિયમ-૧૨૧ (ખ) નો મુદ્દો ઉપસ્થિત થતો નથી તેમજ નિયમ-૧૩૦ની જોગવાઈ મુજબ આ વિધેયકોના પહેલા વાચનનો પ્રસ્તાવ વહેલો કરવા માટે પરવાનગી આપી છે, એટલે એ મુદ્દો પણ રહેતો નથી, તેમ જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ, પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ન હોય તેમ છતાં પણ આજની કામકાજની યાદીમાં જે છ વિધેયકો બતાવ્યાં છે,તે પૈકીના પ્રથમ ત્રણ વિધેયકો જેની નકલો સભ્યશ્રીઓને તા.૨૧મી ના રોજ આપેલી છે તેની ચર્ચા આજે કરવામાં આવે-અને બાકીના ક્રમાંક: ૪, ૫ અને ૬ આગળ જણાવેલાં વિધેયકો કે જે તા.૨૨મીએ આપેલાં છે, તે ત્રણ વિધેયકોની હવે પછીના બીજા કોઈ દિવસે ચર્ચા રાખવી તેવો નિર્ણય જાહેર કર્યો.

(૨) માનનીય મુખ્ય દંડકશ્રી જીતેન્દ્રભાઈ સુખડિયાએ સભાગૃહની ચર્ચામાં શાસકપક્ષના સભ્યશ્રીઓને પ્રોરેટા મુજબ બોલવાની તક મળે તે રીતે પ્રબંધ કરવા સંબધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, શાસક પક્ષના સભ્યશ્રીઓને ચર્ચામાં ભાગ લેવા માટેનો સમય સભ્ય સંખ્યાના પ્રમાણમાં પ્રોરેટા પ્રમાણે આપવામાં આવે તેવી તીવ્ર લાગણી હોઈ તેમજ આ લાગણી ન્યાયી હોઈ માનનીય મુખ્ય દંડકશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો સ્વીકાર કરી હવે પછી પ્રોરેટા પ્રમાણે ગૃહની અંદર ચર્ચાનું આયોજન કરવામાં આવશે, એમ જાહેર કર્યું.

**૫. નીચેના સરકારી વિધેયકો સભાગૃહે મંજૂર કર્યા અને પસાર કર્યા.**

(૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૭નું ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક

(૨) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક- ૨ -સન ૨૦૦૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક

(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૦૭નું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી વિધેયક.

**૬. સભાત્યાગ**

સભાગૃહમાં સવારે જાહેરાત કરી હતી તે મુજબ ત્રણ વિધેયકો ઉપર ચર્ચા કરી તેની વિચારણા કરવાની હતી. વિધેયક ક્રમાંક-૧- સન-૨૦૦૭નું ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક પર સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

## મંગળવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૭

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. સુશ્રી અરૂણાબેન શંકરપ્રસાદ દેસાઈના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજા, સભ્યો સર્વશ્રી ડૉ. ચંદ્રિકાબેન કાં. ચુડાસમા તેમજ ડૉ. નીમાબેન બી. આચાર્યએ સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદ્‌ગતને અંજલિ આપી.

ત્યારબાદ સર્વે સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદ્‌ગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે, તેવી પણ જાહેરાત કરી.

૩. સભ્ય શ્રી પુંજાભાઈ ભી.વંશે, નિયમ-૧૧૬ અન્વયે, "બે દિવસ પહેલા જૂનાગઢ ખાતે આવેલ કલેકટર કચેરી, રંગમહેલ તથા જિલ્લા પંચાયતની કચેરીઓ આગમાં ભસ્મિભૂત થઈ જતાં અગત્યના અનેક દસ્તાવેજો, કાગળોનો રેકર્ડ નાશ પામેલ છે. આ આગના કારણે કચેરીઓ સાથે રેકર્ડ તથા પ્રજાજનોના અગત્યના કાગળો સરકારી દસ્તાવેજો સહિત અનેક અગત્યની વસ્તુઓ બળી જતાં પ્રજાજનોના કામોમાં પડનારી ગંભીર અસરો નિવારવા સરકારે લીધેલાં કે લેવા ધારેલ પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ રૂા.૧૫ હજાર કરોડનું "વનબંધુ કલ્યાણ યોજના"ના પેકેજ સંબંધમાં નિયમ-૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૦૩-૨૦૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨) ભારતીય સિમાંકન આયોગના સન ૨૦૦૨ ના સીમાંકન અધિનિયમ અન્વયેના તા.૧૨-૧૨-૨૦૦૬ના જાહેરનામા નં.૨૮૨/જીજે/૨૦૦૬

(૩) માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા. ૨૭-૯-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંકઃ- જીએચટી-૨૦૦૬(૧૫)/ઈપીટી- ૧૦૨૦૦૬-૨૭૦૨-અ

**૬. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પ્રથમ દિવસ)**

સભ્યો, શ્રીમતી રશીદાબેન પટેલ, શ્રીમતી ભારતીબેન પટેલ, ર્ડા. અનિલભાઈ જોષીયારા, શ્રી શંકરભાઈ વારલી, ડો.ચંદ્રિકાબેન ચુડાસમા, શ્રી બાબુભાઈ શાહ, શ્રી બળદેવજી ઠાકોર, ર્ડા. સી.જે.ચાવડા, શ્રી ગોવાભાઈ રબારી, શ્રી લક્ષ્મણભાઈ પટેલ અને શ્રી અનિલભાઈ પટેલે પોતાના સુધારા રજૂ કર્યા.

વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ દસ સભ્યશ્રીઓએ ચર્ચામાંભાગ લીધો.

**બુધવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.

(૧) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩–૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૨) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪–૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

૩. **માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો**

"આ સભાગૃહ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ ૩ (૨), વર્ગ – ખ, ચૂંટાયેલા સભ્યો (૧૦) ની જોગવાઈ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર વિધાનસભાના ૫ (પાંચ) સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર વિધાનસભાના પાંચ સભ્યોની ચૂંટણી કરવા અંગેના કાર્યક્રમની જાહેરાત કરી.

૪. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી પ્રવિણભાઈ માંકડીયાએ સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કર્યો.

૫. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી પ્રવિણભાઈ માંકડીયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

અઢાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**<u>ગુરૂવાર, તા.૧લી માર્ચ,૨૦૦૭</u>**

૧. પ્રશ્નો પૂછવામાં-આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨ "તાજેતરમાં માણસા તાલુકાના ઈટાદરા ગામે, ગામમાંથી પસાર થતી ૨૪ કલાકની અગિયાર હજાર વોલ્ટેજની હાઈટેન્શન ધરાવતી લાઈનનો વીજ વાયર તૂટીને સર્વિસ લાઈન ઉપર પડતાં અચાનક શોર્ટ સર્કિટ થતાં ગામની પ્રાથમિક શાળા, હાઈસ્કૂલના કોમ્પ્યુટરો તથા ગામની દૂધ ડેરીના કોમ્પ્યુટરો તેમજ દૂધ ફેટના મશીનો અને રહેણાંકના મકાનોના વીજ ઉપકરણોને ભારે નુકશાન થતાં, આ બાબતે સંબંધિત અધિકારીઓનું સતત ફોનથી ધ્યાન દોરવા છતાં વહેલાસર પગલાં ન ભરવાના કારણે પ્રજામાં ફેલાયેલા રોષની લાગણી અંગેની" તાકીદની જાહેર અગત્યની બાબતના પ્રભારી સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા

(૧) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૫–૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૮૬ના ગુજરાતના પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતા અધિનિયમ અન્વયેની તા.૧૩/૨/૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: કેપી/૨૦૦૭નો–૧/એમઆઈએસસી/ ૧૦૨૦૦૬/૪૦૩/જી

**૪. માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી અનિલભાઈ પટેલે, સન ૨૦૦૭નું ગુજરાત ખાસ આર્થિક ઝોન (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.**

**૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

**એક મંત્રીશ્રી અને ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

**ચર્ચાનો જવાબ સભ્યશ્રી ભરતભાઈ પંડયાએ આપ્યો.**

**ત્યારબાદ, રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર રજૂ થયેલા સુધારા ક્રમાંક: ૩, ૪, ૫, ૬, ૭, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૮ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

ત્યારબાદ, રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. બિન-સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો

(૧) સભ્ય શ્રી દોલતભાઈ પરમારે, સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૩નું ગુજરાત સામાજિક સુરક્ષા વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ ત્રણ સભ્યશ્રીઓ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્યશ્રી દોલતભાઈ પરમારે આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૮-૨૦૦૪નું ગુજરાત દફનભૂમિ જાળવવા અને નિભાવવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

(૩) સભ્ય શ્રી ટપુભાઈ લીંબાસીયાએ, સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૦૬નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ બે સભ્યશ્રીઓ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્ય શ્રી ટપુભાઈ લીંબાસીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૪) સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક:-૧૫-સન ૨૦૦૫નું મુંબઈ ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયકના પ્રભારી સભ્ય શ્રી ધનસુખભાઈ પટેલ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

## શુક્રવાર, તા.૨જી માર્ચ,૨૦૦૭

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. સભ્યશ્રી પુંજાભાઈ વંશે, આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતા ક્રમ ક્રમાંક:૫ ના પૂરક પ્રશ્નનો જવાબ આપતી વખતે માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીએ વધુ સમય લઈને ખૂબ વિસ્તૃત વિગતો આપી તેથી પ્રશ્નોત્તરીની યાદીમાં આવતા અન્ય સભ્યશ્રીઓના પ્રશ્ન પૂછવાના હકક પર તરાપ પડે છે, એમ જણાવી વિધાનસભાના નિયમોના નિયમ-૮૯ ટાંકી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિત શાહ, સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ તેમજ સભ્યશ્રી પ્રવિણભાઈ મારૂએ પોતાના મંતવ્યો વ્યકત કર્યાં.

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી પુંજાભાઈ વંશનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરી, આ અંગેનો વિગતવાર નિર્ણય તેઓશ્રી હવે પછી જાહેર કરશે, એમ જણાવ્યું.

૩. **નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક વહીવટી અહેવાલ, તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

## ૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરૂઆતમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩ (૩) ની સાથે વાંચતાં અનુચ્છેદ ૨૦૫ અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક: ૩૫, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક:૪૩, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક:૪૯, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક:૯ તેમજ પાણી પુરવઠા વિભાગને લગતી સેવા અંગેની નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક: ૬૭ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

ત્યારબાદ, પૂરક માગણી ક્રમાંક: ૩૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક :૧, પૂરક માગણી ક્રમાંક: ૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, ૪, ૬ અને ૮, પૂરક માગણી ક્રમાંક: ૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૯,૧૦, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫,: પૂરક માગણી ક્રમાંક: ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬, ૧૭, ૧૯, ૨૦ અને ૨૨ તેમજ પૂરક માગણી ક્રમાંક:૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩, ૨૪ ૨૫ અને ૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબકકે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ.

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પૂરક માગણીઓના સમર્થનમાં પોતાનું વકતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ, બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

---

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક: ૩૫, ૪૩, ૪૯, ૯ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## સોમવાર, તા. ૫મી માર્ચ, ૨૦૦૭

૧ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. સભ્ય શ્રી ધનસુખભાઈ પટેલે, નિયમ-૧૧૬ અન્વયે, " દક્ષિણ ગુજરાતમાં ચાલુ વર્ષે ખેડૂતોની નોંધાયેલ- બિન નોંધાયેલ શેરડીની કાપણી સમયસર ન થતાં તેમજ ખાંડના ભાવો નીચા જવાથી શેરડીનાં ભાવો પણ ખૂબ જ નીચા જવાની શકયતા છે. આમ, ખેડૂતોને બે પ્રકારે નુકશાન થઈ રહેલ છે. ત્યારે ભાવો નીચા જવાને કારણે નોંધાયેલ તથા બિન નોંધાયેલ શેરડીની સમયસર કાપણી ન થતાં ખેડૂતોમાં ફેલાયેલ ચિંતાની લાગણી દૂર કરવા અંગેની" તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩ પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર હોય અને તે પ્રશ્ન કોલઆઉટ થવા છતાં સભ્યશ્રીઓએ પ્રશ્ન પૂછવાનો ઈન્કાર કરવા સંબંધમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી શકાય નહીં, તેમજ માનનીય મંત્રીશ્રીઓ પાસે પૂરક પ્રશ્નોના જવાબોની પૂરતી માહિતી હોવી જોઈએ અને બિન જરૂરી અને લાંબા જવાબો આપવાનું ટાળવું જોઈએ એમ જણાવી પ્રશ્નોત્તરી બાદ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજા, સભ્યો સર્વ શ્રી બલવંતસિંહ ચં.રાજપૂત, શ્રી ગોરધનભાઈ ઝડફીયા, શ્રી પુંજાભાઈ વંશ અને માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે પોત પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરી, આ અંગેનો વિગતવાર નિર્ણય હવે પછી આપશે એમ જણાવ્યું.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા

શ્રમ અને રોજગાર વિભાગના સન ૧૯૪૮ના મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેના -

(૧) તા.૨-૩-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૨૦૦૬-૨૩-બીએસઈ-૨૦૦૬-૮૬-એમ(૩)

(૨) તા.૨૪-૭-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૨૦૦૬-૬૩-બીએસઈ-૨૦૦૬-૮૧-એમ(૩)

(૩) તા.૨૪-૭-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૨૦૦૬-૬૪-બીએસઈ-૨૦૦૬- ૧૦૦૪-એમ(૩)

(૪) તા.૨૪-૭-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૨૦૦૬-૬૫-બીએસઈ-૨૦૦૫- ૨૩૭૮-એમ(૩)

(૫) તા.૫ -૯-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૨૦૦૬-૯૩-બીએસઈ-૨૦૦૬- ૧૨૯૬-એમ(૩)

(૬) તા.૫-૯-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૨૦૦૬-૯૫-બીએસઈ-૨૦૦૫- ૨૬૧૪-એમ(૩)

(૭) તા.૧૧-૧૨-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૨૦૦૬-૧૧૬-બીએસઈ-૨૦૦૬- ૩૮૩૦-એમ(૩)

(૮) તા.૨-૨-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૨૦૦૭-૧૧-બીએસઈ-૨૦૦૫- ૧૦૯૭-એમ(૩)

૫. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક: ૩૯, સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક:૭૦, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક:૭૮, સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક: ૯૨ તેમજ મહિલા અને બાળ વિકાસને લગતી સેવા અંગેની મહિલા

અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક: ૧૦૫ રજૂ કરી.

ત્યારબાદ, પૂરક માગણી ક્રમાંક: ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ અને૩, પૂરક માગણી ક્રમાંક: ૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ અને ૫, પૂરક માગણી ક્રમાંક: ૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ અને ૭, પૂરક માગણી ક્રમાંક: ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ તેમજ પૂરક માગણી ક્રમાંક:૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ અને ૧૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૪ (૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ, અગિયાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક: ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦ અને ૧૧ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, પૂરક માગણી ક્રમાંક: ૩૯, ૭૦, ૭૮, ૯૨ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૬. ગિલોટીન થયેલી માગણીઓ

ત્યારબાદ, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, સન ૨૦૦૬ -૨૦૦૭ ના વર્ષની પૂરક માગણી ક્રમાંક: ૧,૨, ૩, ૪, ૫, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૬, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૮, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૨,૫૪, ૫૫, ૫૬, ૫૭, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૬, ૬૮, ૬૯, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૪, ૮૫, ૮૬, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૩, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## મંગળવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭

## પહેલી બેઠક

## ૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭ ના રોજ ગૃહમાં રજૂ થયેલા સન ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, સત્તર સભ્યશ્રીઓ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

બીજી બેઠક

૧ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. સભ્યશ્રી બાવકુભાઈ ઉંઘાડે નિયમ-૧૧૬ અન્વયે, "તાજેતરમાં ધારી તાલુકાના ગઢીયા ગામે સિંહના બચ્ચાંઓનો પીછો કરતાં બે બચ્ચાં કૂવામાં પડી મૃત્યુ પામવાથી તથા તે સ્થળે પીછો કરવા વપરાયેલ વાહનના નિશાન જણાઈ આવતાં પર્યાવરણ પ્રેમીઓમાં ફેલાયેલ રોષની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું." અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, "સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ" સંબંધમાં નિયમ-૪૪ હેઠળ નિવેદન વાંચીને કર્યું.

૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઉપરોક્ત વિષય પર મંગળવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭ના રોજની પહેલી બેઠકમાં અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. જેમાં તેર સભ્યશ્રીઓએ ભાગ લીધો.

બુધવાર, તા. ૭મી માર્ચ, ૨૦૦૭

૧ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા

ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

૩ (૧) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી યોગેશભાઈ પટેલે સમિતિનો અઢારમો અહેવાલ રજૂ કર્યો.

(૨) બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ માંકડીયાએ સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કર્યો

૪ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ માંકડીયાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે-

"આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. નીચેનું વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.

સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક:-૯- સન ૨૦૦૭નું ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક.

૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

મંગળવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭ ના રોજની બીજી બેઠકમાં અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી, એક મંત્રીશ્રી અને તેર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ગુરૂવાર, તા. ૮મી માર્ચ, ૨૦૦૭.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨ સભ્ય ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાએ નિયમ-૧૧૬ અન્વયે, તા. ૨-૩-૨૦૦૭ના રોજ માંગરોળ-ઓખા દરિયાઈ પટ્ટીમાંથી પાંચ જેટલી માછીમારોની બોટ સાથે અંદાજે ૨૫ જેટલા માછીમારોને પાકિસ્તાન મરીનલાઈન્સ દ્વારા પકડી લેવામાં આવ્યા છે. ભારતીય જળસીમામાંથી વારંવાર પાકિસ્તાનીઓ દ્વારા માછીમારોને બોટ સાથે પકડી જવાના બનાવોથી માછીમાર સમાજમાં ભયની લાગણી ફેલાયેલ છે. તો આવા પકડાયેલા માછીમારોને તેમની બોટ સાથે મુક્ત કરાવવા તથા તેમનામાં ફેલાયેલ ભયની લાગણી દૂર કરવા અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. માનનીય શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, કન્યા કેળવણીને ઉત્તેજન આપવા સારૂ વિશેષ સુવિધાઓ તથા પ્રોત્સાહક યોજના અમલમાં મૂકવા અગેનું નિયમ-૪૪ હેઠળનું નિવેદન વાંચવાનું શરૂ કર્યું.

આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોત પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું.

આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રીના કાર્યાલયના વર્ગ-૪ના કર્મચારીએ સભાગૃહમાં વિરોધપક્ષના ઉપનેતાશ્રી તેમજ અન્ય વિરોધપક્ષના સભ્યશ્રીઓને એક ચિઠ્ઠી વહેંચતા હોવાનું માનનીય અધ્યક્ષશ્રીના ધ્યાન ઉપર આવતાં, આ ચિઠ્ઠી આ કર્મચારી પાસેથી મેળવી સભાગૃહમાં વાંચી સંભળાવી.

૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૪૯ ટાંકી સભાગૃહમાં માનનીય શિક્ષણમંત્રીશ્રી નિયમ-૪૪ હેઠળનું નિવેદન વાંચી રહ્યા હતા તે દરમ્યાન વિરોધપક્ષના નેતાશ્રીના કાર્યાલયના વર્ગ-૪ના એક કર્મચારીએ, શ્રી રાજુભાઈ પરમારની સૂચનાથી સભાગૃહમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓને ચિઠ્ઠી વહેંચી સભાગૃહનું અવમાન તથા વિશેષાધિકારનો ભંગ કર્યો છે, તેમ જણાવી વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો, જેને માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ ટેકો આપ્યો.

પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત તથા ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાએ પોતાનાં મંતવ્ય વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, સભાગૃહની અનુમતિથી નિયમ-૨૫૩ અન્વયે પ્રસ્તુત મુદ્દો વિશેષાધિકાર ભંગ સમિતિને સોંપવાના નિર્ણયની જાહેરાત કરી.

૫. ત્યારબાદ માનનીય શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, નિયમ-૪૪ હેઠળનું અધૂરું રહેલ નિવેદન વાંચીને પૂરૂ કર્યું.

**૬. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

(૧) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૨) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક

(૩) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની

સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૫) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૦૩–૨૦૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**૭. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ઉપરોકત વિષય પર બુધવાર, તા. ૭મી માર્ચ, ૨૦૦૭ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી. એક સભ્યશ્રી અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો

ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

૮. સભ્યશ્રી ડો. સી.જે. ચાવડાના પ્રવચન દરમ્યાન સભ્ય શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ પોતાનું સ્થાન છોડી હાથમાંની પત્રિકાનું સભાગૃહમાં પ્રદર્શન કરી અને સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ધસી આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સલામતી દળના મહિલા સદસ્યોને તેઓશ્રીને સભાગૃહમાંથી દૂર કરવાનો આદેશ કરતાં, સભ્ય શ્રીમતી રમીલાબેન રા. દેસાઈને સલામતી દળના મહિલા સદસ્યો દ્વારા સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યાં.

**૯. બિન-સરકારી વિધેયકો**

**(અ) દાખલ થયેલાં બિન-સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પરમારે, સન-૨૦૦૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સભ્ય ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ, સન-૨૦૦૭નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૩) સભ્ય ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ, સન-૨૦૦૭નું ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૪) સભ્ય ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ, સન-૨૦૦૭નું ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૫) સભ્ય ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ, સન-૨૦૦૭નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(બ) બિન -સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી મુકેશકુમાર ગઢવીએ, " રાજ્યમાં ખૂન, લૂંટ અને ધાડના બનાવો અટકાવવા બાબત" નો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ત્યારબાદ સંકલ્પ પર સભ્યો સર્વશ્રી ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા અને શ્રી બલવંતસિંહ રાજપૂતે પોતાના સુધારા રજૂ કર્યાં.

ત્યારબાદ સંકલ્પ અને તેના ઉપર રજૂ થયેલા સુધારા પર ભેગી ચર્ચા હાથ ધરવામાં આવી.

ત્યારબાદ ચાર સભ્યશ્રીઓ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાના પ્રવચન દરમ્યાન સભ્યશ્રી ગોવાભાઈ હ. રબારી અને સભ્યશ્રી જેઠાભાઈ ભરવાડ પોત પોતાના સ્થાન ઉપર બેસી સતત સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચે તેવી રીતે ચર્ચા કરતા હોવાનું માનનીય અધ્યક્ષશ્રીના ધ્યાન ઉપર આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આજના સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી બન્ને સભ્યશ્રીઓને સભાગૃહ છોડી જવાનો આદેશ આપતાં, બન્ને સભ્યશ્રીઓ સભાગૃહ છોડી ગયા.

ત્યારબાદ સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યુ.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રવચન કરી રહયાં હતા તે દરમ્યાન સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના નેતાશ્રી સહિતના વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા અને બાદમાં પરત ફર્યા.

૧૦. બિન સરકારી સંકલ્પો (ક્રમશઃ)

ચર્ચાનો જવાબ સભ્યશ્રી મુકેશકુમાર ગઢવીએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ ઉપરના સુધારા મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્ય શ્રીમતી રશીદાબેન પટેલે, "રાજયમાં ખેડૂતોને પૂરતી વીજળી આપવા બાબત." પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ત્યારબાદ સંકલ્પ ઉપર ચર્ચા હાથ ધરવામાં આવી. છ સભ્યશ્રીઓ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્ય શ્રીમતી રશીદાબેન પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**શુક્રવાર, તા. ૯મી માર્ચ, ૨૦૦૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

સભ્ય ડૉ. સી.જે.ચાવડાએ આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતા ક્રમાંક:૯માં પૂરક પ્રશ્ન પૂછતી વખતે ગંભીર પ્રકારના આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતા, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેની સામે વાંધો લઈ સભ્યશ્રી પાસે આ આક્ષેપોના પુરાવા રજૂ કરાવવા જોઈએ તેવી માનનીય અધ્યક્ષશ્રી પાસે માગણી કરી.

આ દરમ્યાન સભાગૃહમાં વિરોધપક્ષ તથા સત્તાધારી પક્ષ તરફથી સામ સામે સતત સૂત્રોચ્ચાર અને શોરબકોર કરવાની પ્રક્રિયા ચાલુ રહેતાં, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પંદર મિનિટ માટે મુલતવી રાખી (સવારના ૯.૧૫)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળી**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

૨. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ,ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ભૂપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, સભ્યો સર્વશ્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રી બાબુભાઈ મે.શાહ, શ્રી નરેન્દ્રસિંહ મા.જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુઆએ સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદગતને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદ્‌ગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે, તેવી પણ જાહેરાત કરી.

૩. આજની પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્ય ડો.સી.જે.ચાવડાએ પ્રશ્ન અગ્રતાક્રમ:૯નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે કરેલાં ગંભીર પ્રકારના આક્ષેપાત્મક ઉચ્ચારણો, બાબતમાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે, નિયમ-૩૭ ટાંકી કોઈપણ વ્યકિતની વિરૂધ્ધ કોઈ સભ્યએ બદનક્ષી ભર્યા અથવા દોષારોપણયુકત કોઈ આક્ષેપ મૂકવો નહિ સિવાય કે સભ્યશ્રીને, અધ્યક્ષશ્રીને અને સંબંધ ધરાવતા મંત્રીશ્રીને અગાઉથી જાણ કરી હોવી જોઈએ, જેથી મંત્રીશ્રી જવાબ આપવાના હેતુ સારૂ તે બાબતે તપાસ કરી શકે. તેમની રજૂઆતના સમર્થનમાં અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના નિર્ણય ક્રમાંક: ૨૯ તરફ પણ ધ્યાન દોરી સભ્ય ડો.સી.જે.ચાવડાએ કરેલા ગંભીર પ્રકારના આક્ષેપાત્મક ઉચ્ચારણો બાબતમાં સભાગૃહ સમક્ષ તેઓશ્રીએ માહિતી અને પુરાવા રજૂ કરવા જોઈએ. વધુમાં મંત્રીશ્રીએ ગૃહના નેતાશ્રી સભાગૃહમાં કોઈ પણ સમયે ગૃહને માર્ગદર્શન આપી શકે કે દરમ્યાનગીરી પણ કરી શકે તે તેમનો અધિકાર છે, ત્યારે

તેઓશ્રીએ સભાગૃહનો સમય વેડફયો છે તેમ કહેવું ઉચિત નથી, તે મતલબનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

ત્યારબાદ, પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દામાં સભ્યો સર્વશ્રી દોલતભાઈ પરમાર, શ્રી બલવંતસિંહ રાજપૂત, માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા તેમજ સભ્યશ્રી ડો.સી.જે.ચાવડા, શ્રી સુનિલભાઈ ઓઝા તેમજ સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પરમારે પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય હવે પછી આપશે તેમ જણાવી, ગૃહની કાર્યવાહીમાં સભાગૃહના નેતાશ્રીને દરમ્યાનગીરી કરવાનો તથા ગૃહને માર્ગદર્શન આપવાનો અધિકાર છે અને તેઓ તેમ કરતા હોય ત્યારે " તેઓશ્રી સમય વેડફે છે" એવા શબ્દપ્રયોગો કરી વાંધો લેવો તે યોગ્ય નથી. હવે પછી આ બાબતે વાંધો ન લેવાય તે જોવું જોઈએ.

૪. સભ્ય શ્રી પ્રદિપસિંહ જાડેજાએ નિયમ-૧૧૬ અન્વયે," ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પડુસ્મા ગામે બટાટાનું લીલુ પલુર ખાવાથી ઝેરી અસર થતાં તા.૪-૩-૨૦૦૭ ના રોજ દૂધાળી, ગાભણી અને વાછરડા મળી કુલ ૨૬ ગાયોનાં મૃત્યુ થવાથી પ્રજામાં વ્યાપક અરેરાટી વ્યાપી ગયેલ છે. આ ઘટનાથી પશુપાલકોને ખૂબ મોટું આર્થિક નુકશાન થયેલ છે. જીવનનિર્વાહનું સાધન ઝૂંટવાઈ જવાથી અસરગ્રસ્ત બનેલ કુટુંબોને સહાય કરવા તથા દુ:ખદ બનાવથી લોકોમાં વ્યાપેલ દુ:ખની લાગણી દૂર કરવા અંગેની" તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય પશુપાલન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય પશુપાલન મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૫ માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે, તા.૨જી માર્ચ, ૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ધીરૂભાઈ ગજેરાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૯૬૨૫ (અગ્રતાક્રમ - ૧૧૦) ના જવાબમાં સુધારો કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકયું.

૬. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક હેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૨) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદન.

## ૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, સન ૨૦૦૭-૨૦૦૮નાં વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક: ૩૦, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક:૩૫ અને માહિતી અને પ્રસારણને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંક: ૫૪ માનનીય આયોજન, માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજાએ તેમજ વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની સેવાને લગતી વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની માગણી ક્રમાંક: ૯૦ માનનીય વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી મંત્રી શ્રીમતી આનંદીબેન મ. પટેલે રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંક: ૩૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક:૧, ૨, ૫, ૭ અને ૮, માગણી ક્રમાંક: ૩૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક: ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક: ૫૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક:૧૫, ૧૬, ૧૮, ૧૯ અને ૨૦ તેમજ માગણી ક્રમાંક: ૯૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૨૨, ૨૩ અને ૨૫ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ, આઠ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો સંભાળતા મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજાએ તેમજ માનનીય વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી મંત્રી શ્રીમતી આનંદીબેન મ. પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાક:૧, ૨, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩ અને ૨૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક:૩૦, ૩૫, ૫૪ અને ૯૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સોમવાર, તા.૧૨મી માર્ચ,૨૦૦૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. માનનીય રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડના ૨૨૦ કે.વી. અંજાર સબ સ્ટેશનમાં તા.૮.૩. ૨૦૦૭ ના રોજ ૧૯.૫૦ કલાકે ૧૩૨/૬૬ કે.વી.ના ૪૦ એમ.વી.એ. ટ્રાન્સફોર્મરમાં આગ ફાટી નિકળતાં અંજાર સબ સ્ટેશન સલામતીના કારણસર સંપૂર્ણ બંધ કરવા અંગેનું (નિયમ-૪૪) હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

**૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

ગુજરાત રાજ્ય મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

**૪. દાખલ થયેલાં સરકારી વિધેયકો**

(૧) માનનીય શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) માનનીય આરોગ્ય મંત્રીશ્રી અશોક ભટ્ટે, સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

પોલીસને લગતી સેવા અંગેની મહેસુલી ખર્ચ માટેની ગૃહ વિભાગની માગણી ક્રમાંક: ૪૩, જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની માગણી ક્રમાંક: ૪૪ તેમજ ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની માગણી ક્રમાંક: ૪૬ તેમજ પરિવહનને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણી ક્રમાંક: ૭૪ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમજ બંદરો અને વાહનવ્યવહારને લગતું અન્ય ખર્ચને લગતી બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણી ક્રમાંક: ૭૫ માનનીય બંદર વિભાગના મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજાએ રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંક: ૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૨, ૪, ૬, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮અને ૧૯, માગણી ક્રમાંક: ૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૭, માગણી ક્રમાંક: ૪૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮, ૩૦ અને ૩૪, માગણી ક્રમાંક: ૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩ અને ૫૪,

માગણી ક્રમાંક: ૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૫ અને ૫૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોક્ત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માન. વિરોધપક્ષના નેતા સહિત કુલ દસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય બંદરો અને વાહનવ્યવહાર વિભાગના મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજાએ આપ્યો. ત્યારબાદ ગૃહ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨, ૪, ૬, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૩૦, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૪૩, ૪૪, ૪૬, ૭૪ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## મંગળવાર, તા.૧૩મી માર્ચ,૨૦૦૭

### પહેલી બેઠક

### ૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

કર વસૂલાત ખર્ચ ને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક:૧૨ વિજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક: ૧૩ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક: ૧૪ માનનીય રાજ્યકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંક:૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૪, માગણી ક્રમાંક: ૧૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક:૬, ૯, ૧૨ અને ૧૩ તેમજ માગણી ક્રમાંક:૧૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ અને ૧૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોક્ત માગણી અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, અને કુલ અઢાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

પ્રથમ માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંકઃ૪, ૬, ૯, ૧૨, ૧૩, ૧૬ અને ૧૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંકઃ ૧૨, ૧૩ અને ૧૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**બીજી બેઠક**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ભારતીય ક્રિકેટ ટીમને વિશ્વકપમાં વિજય મેળવવા માટે શુભ કામનાઓ પાઠવી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ક્રિકેટ ટીમ તથા સુનિતા વિલિયમ્સને શુભેચ્છા પાઠવી.

૨. માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે, ઉનાળુ ઋતુમાં સિંચાઈ માટે પાણી આપવા સંબંધમાં નિયમ-૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

૩. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય

માનનીય અધ્યક્ષશ્રીએ, તા. ૫.૩.૨૦૦૭ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા પછી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, પ્રશ્નોત્તરીનો સમય વેડફવા બાબતે ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો વિગતવાર નિર્ણય આપ્યો. માનનીય અધ્યક્ષશ્રીએ મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓ સામે કરેલાં આક્ષેપાત્મક ઉચ્ચારણો તેમજ સભ્યશ્રી પુંજાભાઈ વંશે પૂરક પ્રશ્ન પૂછતી વખતે મુળ પ્રશ્ન સાથે સુસંગત ન હોય તેવાં ખેડૂતને લગતાં કરેલાં અપ્રસ્તુત ઉચ્ચારણો પણ કાર્યવાહીમાંથી દૂર કરતાં જણાવ્યું કે, સંસદીય લોકશાહીમાં ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રીશ્રી ઉચ્ચ અને ગૌરવયુકત પદ ધરાવતા હોઈ તેમજ બહુમતી પક્ષના નેતા તરીકે ગૃહની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં તેઓ મહત્વની ભૂમિકા ભજવતા હોઈ માનનીય મુખ્યમંત્રીશ્રી ગમે તે વખતે ગૃહની ચર્ચામાં દરમ્યાન થઈ શકે અને માર્ગદર્શન પણ આપી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રીએ, સહુ સભ્યોને નિયમોની મર્યાદામાં રહીને જ પૂરક પ્રશ્નો પૂછવા તથા ચર્ચામાં ભાગ લેતી વખતે વિષયને અનુરૂપ જ પ્રવચનો કરવા અગાઉ કરેલી ટકોરનું પુનરોચ્ચારણ કરી, ભવિષ્યમાં આ બાબતે સૌ સભ્યશ્રીઓને કાળજી રાખવા જણાવ્યું.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.

(૧) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૫-૨૦૦૬ નો વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ

(૪) ભારતના સંવિધાન અન્વયે સામાન્ય વહીવટ વિભાગની તા.૧૧-૧૦-૨૦૦૬ની અધિસૂચના

૫. સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખશ્રી રણજીતસિંહ ન. ચાવડાએ સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી ક્રમાંકઃ ૪૯, ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી ક્રમાંકઃ ૫૦, માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી અનિલભાઈ પટેલે પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ, ખાણ અને પ્રવાસન વિભાગની માગણી ક્રમાંકઃ ૫૧ માનનીય રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રીશ્રી સી.ડી. પટેલે તેમજ સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ ૭૦ તેમજ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંકઃ ૭૧ માનનીય રાજ્યકક્ષાના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ભરતભાઈ બારોટે રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંકઃ ૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૫, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, અને ૧૪, માગણી ક્રમાંકઃ ૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬, ૧૯ અને ૨૪, માગણી ક્રમાંકઃ ૫૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંકઃ ૨૫, ૨૭, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪,૩૫ અને ૩૬, માગણી ક્રમાંકઃ ૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨ અને ૪૭, માગણી ક્રમાંકઃ ૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૦, ૫૧, ૫૨ અને ૫૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોક્ત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને દસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી અનિલભાઈ પટેલ, માનનીય રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રીશ્રી સી.ડી. પટેલ તેમજ માનનીય રાજ્યકક્ષાના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી ભરતભાઈ બારોટે આપ્યો.

પ્રથમ માગણીઓ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૫, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૭, ૧૯, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૭, ૫૦, ૫૧, ૫૨ અને ૫૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૪૯, ૫૦, ૫૧, ૭૦ અને ૭૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બુધવાર, તા.૧૪મી માર્ચ,૨૦૦૭

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે, પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પ્રશ્ન અગ્રતાક્રમ:૪ નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કેટલીક સામાજિક સંસ્થાઓને ઉદ્દેશીને કરેલાં અસંસદીય અને વાંધાજનક ઉચ્ચારણો સામે વાંધો લઈ સંસદીય પ્રણાલી અને કાર્યરીતિ પુસ્તકના પાના.નં.૩૮૩ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાનું મંતવ્ય વ્યકત કર્યા બાદ દિલગીરી વ્યકત કરી.

૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.

(૧) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત ઔદ્યોગિક નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ અને સન ૨૦૦૭-૨૦૦૮નું વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર) તથા સન ૨૦૦૩-૨૦૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૪) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ વીજળી ઉત્પાદન કરતા અથવા વીજ પ્રવહન અથવા જાહેર જનતાને વિતરણ કરતા હોય તેવા ઉદ્યોગોમાં તમામ રોજગારને આવશ્યક સેવા તરીકે જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૬-૩-૨૦૦૭ની અધિસૂચના

(૫) તા.૭-૩-૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી શંકરભાઈ રાઠવાના "રાજ્યમાં મહિલાઓને માર્ગદર્શન આપવા માટે કેન્દ્રો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૦૬૪૯ (અગ્રતાક્રમ-૬)ના અનુસંધાને વધારાની માહિતી.

### ૪. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય

માનનીય અધ્યક્ષશ્રીએ, તા.૨જી માર્ચ, ૨૦૦૭ના રોજ સભ્યશ્રી પુંજાભાઈ વંશે સભાગૃહમાં ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો હતો જેનો મુલતવી રાખેલ વિગતવાર નિર્ણય આપતાં જણાવ્યું કે, તેઓશ્રીએ ત્રીજી ગુજરાત વિધાનસભાથી આજ સુધીના તારાંકિત પ્રશ્નો ઉપરની મૌખિક ચર્ચા સંબંધિત હકીકતો અને આંકડાઓ જોઈ ગયા છે. નિયમ-૮૯ અંતર્ગત એક તારાંકિત પ્રશ્નની મૌખિક ચર્ચા માટે પાંચ મિનિટ આપવાની જે સમયમર્યાદા મૂકવામાં આવેલ છે, તે પ્રશ્નનું સ્વરૂપ, પ્રશ્નમાં સમાવિષ્ટ વિગતો, પૂરક પ્રશ્નનો વ્યાપ, પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રીઓએ બાંધેલ પૂર્વભૂમિકા, રાજકીય અવલોકનો અને વક્રોકિત ઉચ્ચારણો તેમજ પ્રત્યુત્તરરૂપે સંબંધિત મંત્રીશ્રી તરફથી પણ બાંધવામાં આવતી પૂર્વભૂમિકા વગેરે પાસાઓ પર આધાર રાખે છે. આ તમામ પાસાઓને નજર સમક્ષ રાખતા દરેક પ્રશ્ન માટે પાંચ મિનિટની સમયમર્યાદા જાળવવાનું વ્યવહારિક રીતે કોઈ પણ અધ્યક્ષ માટે મુશ્કેલ છે.

જો સભ્યશ્રીઓ તરફથી પૂરક પ્રશ્નો નિયમોની જોગવાઈઓને સુસંગત રહીને પૂછવામાં આવે તથા મંત્રીશ્રી તરફથી પણ પૂછેલ પૂરક પ્રશ્નને સુસંગત માહિતી સંક્ષિપ્તમાં રજૂ કરવાના ધોરણોનું પાલન કરવામાં આવે તો મહદઅંશે નિયમથી અપેક્ષિત પાંચ મિનિટની સમયમર્યાદાનું પાલન થઈ શકે.

વિધાનસભાના નિયમ-૫૬ હેઠળ કોઈ પણ બાબતના નિયમન સંબંધમાં અધ્યક્ષને સર્વસામાન્ય અધિકારો પ્રાપ્ત થયેલા છે ત્યારે કોઈ મહત્વના પ્રશ્ન પાછળ પાંચ મિનિટ કરતાં વધુ સમય ફાળવવાનું મારા સ્વવિવેકને આધીન છે અને તેની સામે કોઈ સભ્ય વાંધો લઈ શકે નહીં.

૫. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય શ્રી ભગવાનસિંહ ચૌહાણે સમિતિનો સોળમો અહેવાલ રજૂ કર્યો

૬ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી ભગવાનસિંહ ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો કે-

"આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક: ૬૫, માનનીય નર્મદા વિકાસ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમજ સિંચાઈ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક: ૬૬, પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક: ૬૭, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક:૬૮ માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૧, ૨, ૪, ૫ અને ૬, માગણી ક્રમાંક: ૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૭, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક: ૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૨૦, ૨૧, ૨૨ અને ૨૩, તેમજ માગણી ક્રમાંક: ૬૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, સાત સભ્યશ્રીઓ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

**૮. સૂત્રોચ્ચાર**

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમના પ્રવચનમાં જાહેર હિસાબ સમિતિના કામકાજના નિયમોનો ઉલ્લેખ કરતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેની સામે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રી પ્રવચનમાં નિયમોની વાત કરી શકે એમ જણાવ્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ તેમજ સત્તાધારી પક્ષના સભ્યો તરફથી પણ સામ સામે સૂત્રોચ્ચાર અને શોરબકોર કરવાનું ચાલુ રાખતાં, સભાગૃહની બેઠક આગળ ચલાવવાનું અશકય બનતા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પંદર મિનિટ માટે મુલતવી રાખી. (સાંજના ૪.૧૭)

<u>મુલતવી રહેલ સભાગૃહની બેઠક સાંજના ૪.૩૨ વાગ્યે ફરી મળી</u>

૯. સભાગૃહની બેઠક શરૂ થતાં જ સભ્યશ્રી પુંજાભાઈ વંશે, માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમના પ્રવચનમાં જાહેર હિસાબ સમિતિની કામગીરી અંગે કરેલ ઉલ્લેખ બાબતમાં વિધાનસભાના નિયમોના નિયમ-૧૭૪ ટાંકી જાહેર હિસાબ સમિતિના જે તે વખતના ચેરમેન ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ સમિતિની તપાસ દરમ્યાન જે બાબતો ધ્યાન ઉપર આવી તે બાબતો જાહેર હિતમાં પ્રજા સમક્ષ મૂકવાની સમિતિની પ્રાથમિક જવાબદારી હોઈ, સમિતિએ ખાસ અહેવાલ માનનીય અધ્યક્ષશ્રીને રજૂ કર્યો હતો. નિયમ-૧૭૪ની જોગવાઈ મુજબ સમિતિને ખાસ અહેવાલ કરવાની સત્તા મળે છે, ત્યારે માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીએ સમિતિની તપાસના કાર્યક્ષેત્ર સંબંધે નિયમ-૧૯૭ની જોગવાઈઓનો આધાર લઈ તેમના પ્રવચનમાં સમિતિએ કરેલ તપાસ અને ત્યારબાદ રજૂ કરેલ ખાસ અહેવાલ સંબંધે કરેલ રજૂઆત સમિતિને નિયમ-૧૭૪થી મળેલ અધિકારના અનાદર સમાન છે, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને સભ્ય ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, નિયમ-૧૭૪ હેઠળ ખાસ અહેવાલ કરવાની સમિતિને જે સત્તા મળી છે એ નિયમ-૧૮૬ની જોગવાઈ મુજબ જાહેર હિસાબ સમિતિ માટે નિયમ-૧૯૭થી સમિતિની કામગીરી સંબંધે જે ખાસ જોગવાઈ કરી છે તેને આધીન રહીને જ સમિતિ ખાસ અહેવાલ કરી શકે તેમ જણાવી સભ્યશ્રી પુંજાભાઈ વંશનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો. સમિતિએ મને રજૂ કરેલ ખાસ અહેવાલ સંબંધે તા.૧૯-૬-૨૦૦૬ ના રોજ કાયદાકીય અભિપ્રાય લીધા બાદ જે નિર્ણય કર્યો હતો તેનો હું આ તબકકે પુનરોચ્ચાર કરું છું.

**૧૦. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ, માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમનું અધૂરું રહેલ પ્રવચન શરૂ કર્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

ચર્ચાનો જવાબ માનનીય નર્મદા વિકાસ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮,૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૬૫, ૬૬, ૬૭ અને ૬૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, તા.૧૫મી માર્ચ,૨૦૦૭

પહેલી બેઠક

**૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

શિક્ષણ વિભાગને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક: ૯, શિક્ષણને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક: ૧૦, માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન મ.પટેલે તેમજ તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક: ૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક: ૪૦ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક:૪૧ માનનીય આરોગ્ય મંત્રીશ્રી અશોક ભટ્ટ રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંક: ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૧, ૪, ૫, ૬, ૧૦, ૧૧, ૧૩, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮ અને ૩૧, માગણી ક્રમાંક: ૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩, માગણી ક્રમાંક: ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮ અને ૪૯, માગણી ક્રમાંક: ૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૦, ૫૧, ૫૨, ૫૩ અને ૫૪ અને માગણી ક્રમાંક: ૪૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૫ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને સત્તર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન મ.પટેલે આપ્યો.

ત્યારબાદ આરોગ્ય વિભાગની ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી અશોક ભટ્ટે આપ્યો.

પ્રથમ માગણીઓ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૪, ૫, ૬, ૧૦, ૧૧, ૧૩, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪ અને ૫૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૯, ૧૦, ૩૯, ૪૦ અને ૪૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ:૧૩નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, હાથના ઈશારાથી માનનીય નાણા મંત્રીશ્રી તેમજ માનનીય આરોગ્ય મંત્રીશ્રી તરફ આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતાં, સત્તાધારી તથા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોત પોતાના સ્થાને ઉભા થઈ સૂત્રોચ્ચાર કરી આક્રોશ વ્યકત કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પંદર મિનિટ માટે મુલતવી રાખી. (બપોરના ૩.૨૨)

મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૩.૩૭ વાગ્યે ફરી મળી

સભાગૃહની બેઠક શરૂ થતાં જ સભ્યશ્રી અનિલકુમાર પટેલ રજૂઆત કરતા કરતા પોતાનું સ્થાન છોડી વેલ તરફ ધસી જતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રીને સભાગૃહમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો, આ દરમ્યાન સભ્યશ્રી પોતાના સ્થાને પરત ફરી ગયા.

૨. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા

(૧) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૨) ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) કૃષિ અને સહકાર વિભાગની સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેની તા. ૧૭-૨-૨૦૦૭ની અધિસૂચનાથી

૩. વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

(૧)માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૪. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કર્યા બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કેટલીક રજૂઆતો કરી સભાગૃહના સત્રના દિવસો લંબાવવાનો સુધારો સૂચવતો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તુત સુધારાને કોંગ્રેસપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે પોતાનાં મંતવ્યો વ્યકત કરી સમર્થન કર્યું.

૫. વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત (ક્રમશઃ)

(૨) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી ફતેસિંહ ચૌહાણે સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

કામકાજ સલાહકાર સમિતિના અહેવાલ પર સુધારો સૂચવતો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે, " આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી ફતેસિંહ ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો કે-

"આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. દાખલ થયેલા સરકારી વિધેયકો

(૧) માનનીય માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજાએ, સન ૨૦૦૭નું ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) માનનીય માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજાએ, સન ૨૦૦૭નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માર્ગો અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક: ૮૬, ગુજરાત પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક: ૮૭ તેમજ શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક:૧૦૨ માનનીય માર્ગ અને મકાન તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજાએ રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંક: ૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦ અને ૨૧, માગણી ક્રમાંક:

૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮ અને ૨૯, તેમજ માગણી ક્રમાંક: ૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯ અને ૪૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ, ઉપરોકત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ.

સભ્યશ્રી બલવંતસિંહ ચં. રાજપૂત ચર્ચામાં ભાગ લેવા ઉભા થયા અને વિરોધપક્ષને ચર્ચા માટે પૂરતો સમય મળતો નથી એવી રજૂઆત કરી અમે સભાત્યાગ કરીએ છીએ એમ જણાવતાં, વિરોધપક્ષના સભ્યશ્રીઓ પણ તેઓશ્રીની સાથે જોડાયા અને સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

માનનીય માર્ગ અને મકાન તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજા જવાબ આપવાનો શરૂ કર્યો.

માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જવાબ આપી રહ્યા હતા તે દરમ્યાન વિરામનો સમય થવા આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિરામના સમયની દસ મિનિટ ટૂંકાવી મંત્રીશ્રીને વધારાનો સમય ફાળવવાનું જાહેર કર્યું.

ત્યારબાદ માનનીય માર્ગ અને મકાન તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી ઈન્દ્રવિજયસિંહ જાડેજા તેમનો અધૂરો જવાબ પૂરો કર્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮,૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯ અને ૪૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૮૬, ૮૭ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૧૦. બિન-સરકારી વિધેયકો

### પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી દોલતભાઈ પરમારે, સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૩નું ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડ વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ છ સભ્યશ્રીઓએ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્ય શ્રી દોલતભાઈ પરમારે આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૦૪નું ગુજરાત (રાજ્ય સેવક દ્વારા) લોકતિરસ્કાર નિવારણ વિધેયકના પ્રભારી સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૦૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકના પ્રભારી સભ્ય શ્રી સિદ્ધાર્થભાઈ પરમાર સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

(૪) સભ્ય ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૦૭નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ આઠ સભ્યશ્રીઓએ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્ય ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

**<u>શુક્રવાર, તા.૧૬મી માર્ચ,૨૦૦૭</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. સભ્યશ્રી ગોરધનભાઈ ઝડફિયાએ નિયમ-૧૧૬ અન્વયેલ " રાજયમાં હમણાં હમણાં જુદા જુદા સ્થળોએ હીરાના વેપારીઓની લૂંટના બનેલા બનાવોએ તે વ્યવસાયમાં જોડાયેલા લોકોમાં ચિંતાનું મોજું ફેલાવ્યું છે. તેમાંય તા. ૧૨/૩/૦૭ના રોજ અમદાવાદના ઓઢવ વિસ્તારમાં હીરાના કારખાનાના મેનેજર ઉપર કારખાનાના દરવાજા પાસે બે રિવોલ્વરધારી લૂંટારૂઓએ હુમલો કરી, ગોળીબાર કરી લાખો રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ જતાં તે વિસ્તારના હીરાના વેપારીઓ તથા કારીગરો મળી અંદાજે એક લાખ લોકોમાં ફેલાયેલ ભય, ગભરાટ અને અસલામતીની લાગણી દૂર કરવા અંગેની" તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીયમુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી એ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યુ અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા

બંદરો અને વાહન વ્યવહાર વિભાગની -

(ક) સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની તા.૧૧-૧-૨૦૦૭, તા.૨૦-૧-૨૦૦૭, તા.૨૩-૧-૨૦૦૭, તા ૨૯-૧-૨૦૦૭ અને તા.૧૫-૨-૨૦૦૭ની અધિસૂચના.

(ખ) સન ૧૯૮૮ના મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની તા.૨૧-૧૧-૨૦૦૬, તા ૨-૧૨-૨૦૦૬ અને તા.૬-૨-૨૦૦૭ની અધિસૂચના.

૪. માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૫. માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે, સન ૨૦૦૭નું મુંબઈ મોટર વાહનવેરા (ગુજરાત સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંક: ૫૭, માનનીય રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ તેમજ સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક: ૯૨ તેમજ અનુસૂચિત જાતિઓ માટે પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક: ૯૫ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૧, ૨, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૬ અને ૧૯, માગણી ક્રમાંક: ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮, તેમજ માગણી ક્રમાંક: ૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯ અને ૪૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને ચૌદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**૭. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી પ્રવિણભાઈ મારૂએ ચર્ચામાં ભાગ લેતી વખતે આંબેડકર ભવનોને ઉદ્દેશીને કરેલાં વાંધાજનક ઉચ્ચારણો સામે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી, આવાં ઉચ્ચારણો

સભ્યશ્રી પાસે પાછા ખેંચાવવા તેમજ તેમને ઠપકો આપી તેમની પાસે દિલગીરી વ્યકત કરાવવા માનનીય અધ્યક્ષશ્રી પાસે માગણી કરી.

પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત, શ્રી ઈશ્વરભાઈ મકવાણાએ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

સભ્યશ્રી પ્રવિણભાઈ મારૂએ દિલગીરી વ્યકત કરી. માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને તેમનાં આવાં વાંધાજનક ઉચ્ચારણો બદલ ઠપકો આપ્યો.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ક્રમશઃ)**

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ અને માનનીય રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ આપ્યો.

પ્રથમ માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૬ ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૬, ૩૦, ૩૧,૩૨, ૩૪,૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯ અને ૪૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ ૫૭, ૯૨ અને ૯૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>બુધવાર, તા.૨૧મી માર્ચ,૨૦૦૭</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. માનનીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ગુલાબભાઈ ભૂલાભાઈ પટેલ, ડો. વસંતલાલ વૃજલાલ પરીખ તથા સ્વ. શ્રી માનસીંગભાઈ વીરાભાઈ જાદવના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, સભ્યો ડો.જીતેન્દ્રભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ મકવાણા, માનનીય આરોગ્યમંત્રીશ્રી અશોક ભટ્ટ, સભ્યો શ્રી માલજીભાઈ દેસાઈ, ડો.કનુભાઈ કળસરિયા, શ્રી બાબુભાઈ શાહ, શ્રી બલવંતસિંહ રાજપૂત, માનનીય વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલ, સભ્યો શ્રી નારાયણભાઈ પટેલ, શ્રીમતી રમીલાબેન દેસાઈ, શ્રી શંકરભાઈ ચૌધરી, તથા શ્રીમતી ભારતીબેન પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદ્ ગતોને **શ્રધ્ધાંજલિ** આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદ્‌ગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે, તેવી પણ જાહેરાત કરી.

૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા

(૧) નાણા વિભાગની સન ૨૦૦૩ ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૧૭-૧૦-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૦૭) વીએટી/૨૦૦૬/એસ(૫)(૨)(૧૪)-ઠ

(૨) તા.૧૯-૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧) વીએટી/૨૦૦૭/એસ(૫)(૨)(૧૫)-ઠ

(૩) તા.૧૫-૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૬) વીએટી/૨૦૦૭/એસ(૫)(૨)(૧૬)-ઠ

(૪) તા.૧૧-૧૦-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૦૫) વીએઆર/૨૦૦૬/(૮)-ઠ

(૫) તા.૧૫-૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૦૫) વીએઆર/૨૦૦૬/(૯)-ઠ

(૨) તા. ૨૬-૨-૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય ડો. જીતેન્દ્રભાઈ પટેલના "અમદાવાદ, સુરત અને વડોદરા ખાતે શિક્ષિત બેરોજગારોની નોંધણી અને રોજગારી" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૯૦૫૭ (અગ્રતાક્રમ ૧૧) ના અનુસંધાને વધારાની માહિતી.

૪. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીની અનુપસ્થિતિમાં સમિતિના સભ્ય શ્રી ભગવાનસિંહ ચૌહાણે સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કર્યો.

૫. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીની અનુપસ્થિતિમાં સમિતિના સભ્ય સભ્યશ્રી ભગવાનસિંહ ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો કે,

" આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના **સત્તરમાં** અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૬. **નીચેના સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા.**

(૧) સન ૨૦૦૭નું ગુજરાત શિક્ષણ ઉપ-કર (સુધારા) વિધેયક

(૨) સન ૨૦૦૭નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક

(૩) સન ૨૦૦૭નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક

(૪) સન ૨૦૦૭નું ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક:૨, પશુપાલન અને ડેરી વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક ૪ અને મત્સ્યોદ્યોગ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક ૬ માનનીય કૃષિમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંક: ૧૦૫ માનનીય રાજય કક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી જશુમતીબેન કોરાટે રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંક: ૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૫, ૮, ૧૦ ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, માગણી ક્રમાંક: ૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક:૧૭, ૧૮,૧૯, માગણી ક્રમાંક: ૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭ અને ૨૮ તેમજ માગણી ક્રમાંક: ૧૦૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક: ૨૯ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણી અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને પંદર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રીમતી જશુમતીબેન કોરાટે આપ્યો.

૮. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

માનનીય કૃષિ મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપવા માટે ઉભા થઈ રહ્યા હતા તે તબકકે સભાગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતાં, માનનીય મુખ્ય દંડક શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયાએ મંત્રીશ્રીઓના જવાબ અને માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા કૉંગ્રેસ પક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યુ કે સરકાર ખેડૂતોને આપવામાં આવતી સબસિડીમાં વધારો કરવાની જાહેરાત કરે તો અમે સમય લંબાવવાની બાબતને સમર્થન કરવા તૈયાર છીએ.

અધ્યક્ષશ્રીએ ગૃહનો સમય માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી લંબાવ્યો.

આ તબકકે વિરોધ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા તમામ સભ્યો વોકઆઉટ કરી ગયા.

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) (ક્રમશ:)**

ત્યારબાદ, માનનીય કૃષિ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ચર્ચાનો જવાબ આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાક: ૧,૨, ૩, ૪, ૫, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક: ૨, ૪, ૬ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત.**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ ગુજરાત વિધાનસભાના ચોથા માળે આવેલા શાસક પક્ષના ખંડમાં માનનીય સભ્યશ્રીઓ માટે રાખવામાં આવેલ "સમયકી પુકાર સકારાત્મક ચિંતન શિબિર"ના કાર્યક્રમ અંગે જાહેરાત કરી.

**ગુરૂવાર, તા.૨૨મી માર્ચ,૨૦૦૭.**

**પહેલી બેઠક**

૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ)

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની માગણી ક્રમાંક: ૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની માગણી ક્રમાંક: ૨૩ માનનીય રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રીશ્રી છત્રસિંહ પુ.મોરીએ તેમજ મહેસૂલ વિભાગને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક:૭૬, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક: ૭૮, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક: ૭૯ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંક: ૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૧, ૬, ૮ અને ૯, માગણી ક્રમાંક: ૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧, ૧૬, ૧૭, ૧૯, ૨૦ અને ૨૧, માગણી ક્રમાંક: ૭૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦, માગણી ક્રમાંક: ૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ અને ૩૬, માગણી ક્રમાંક: ૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૨, ૪૩, ૪૪ અને ૪૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને વિરોધપક્ષના નેતા સહિત સોળ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૨. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેમના પ્રવચન દરમ્યાન વડોદરાના કલેકટરે જમીન બાબતે રેવન્યુ ટ્રિબ્યુનલમાં કરેલા કેસનો ઉલ્લેખ કરતાં, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે, સબજ્યુડિસ બાબત હોઈ તેનો ઉલ્લેખ થઈ શકે નહીં તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, સબજ્યુડિસ બાબતનો ઉલ્લેખ સભાગૃહમાં થઈ શકે નહીં, તેમ જણાવી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખ્યો.

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તેમના વકતવ્યમાં કરેલાં સબજ્યુડિસ બાબત અંગેનાં ઉચ્ચારણો રેકર્ડમાંથી દૂર કરવાની માનનીય અધ્યક્ષશ્રી પાસે માગણી કરી. માનનીય અધ્યક્ષશ્રીએ, રેકર્ડ ચકાસી આવાં ઉચ્ચારણો દૂર કરવામાં આવશે એમ જણાવ્યું.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ક્રમશ:)**

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ તેમજ માનનીય રાજ્યકક્ષાના અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના મંત્રીશ્રી છત્રસિંહ પું.મોરીએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક:૧, ૬, ૮, ૯, ૧૧, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૩, ૩૬, ૪૨, ૪૩, ૪૪ અને ૪૭ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૨૨, ૨૩, ૭૬, ૭૮, અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**બીજી બેઠક**

૧. **પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૦૧-૨૦૦૨, સન ૨૦૦૨-૨૦૦૩ અને સન ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

(૨) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૦૩ -૨૦૦૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ, સન ૨૦૦૫-૨૦૦૬ નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૩-૨૦૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૩) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

(૪) તા.૧૩-૩-૨૦૦૭ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતના " એઈડસ નિયંત્રણ માટે કરેલ ખર્ચ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૧૯૫૬૬ (અગ્રતાક્રમ-૪) ના અનુસંધાને વધારાની માહિતી

(૫) તા.૨૭-૨ -૨૦૦૭ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી પ્રવિણભાઈ મારૂના "ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૯૧૧૧ (અગ્રતાક્રમ-૧) અનુસંધાને વધારાની માહિતી

૩. સચિવશ્રીએ વિધાનસભાએ ચાલુ સત્રમાં પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૯ સભાગૃહના મેજ ઉપર મૂકયું.

૪. પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી દિલિપસિંહ પરમારે સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક: ૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક: ૨૭, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક: ૯૬ માનનીય વન, પર્યાવરણ અને આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી ક્રમાંક: ૯૮ માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંક:૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૧,૩, ૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક: ૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫, માગણી ક્રમાંક: ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫ અને ૩૬,

માગણી ક્રમાંક: ૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી

ઉપરોકત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માન.વિરોધપક્ષના નેતા સહિત બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

સભ્યશ્રી લક્ષ્મણભાઈ પટેલનું પ્રવચન પૂરૂ થતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિરોધપક્ષને ચર્ચા માટે ઓછો સમય ફળવાયો છે તેમ જણાવી અમે સભાત્યાગ કરીએ છીએ એમ જણાવતાં, સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોક ભટ્ટે, વિરોધપક્ષના સભ્યશ્રીઓને ચર્ચામાં ભાગ લેવા માટે કોંગ્રેસ પક્ષના દંડકશ્રી સમય ફાળવતા હોય છે, છતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વિભાગ વિશે ટીકાઓ કરી, માનનીય મંત્રીશ્રીના જવાબ સાંભળવા રહયા નથી અને સભાત્યાગ કરી ગયા છે જે સંસદીય પરંપરાના અપમાન સમાન છે તેમ જણાવ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પણ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

ત્યારબાદ, ચર્ચાનો જવાબ માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આપ્યો.

ત્યારબાદ વન અને પર્યાવરણ તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચાનો જવાબ માનનીય વન, પર્યાવરણ અને આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે આપ્યો.

પ્રથમ માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧,૩, ૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૨૬, ૨૭, ૯૬ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૦. બિન -સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી ગણપતભાઈ વસાવાએ "રાજ્યમાં સ્ત્રીભૃણ હત્યા સંપૂર્ણ બંધ થાય તે માટેનો" પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ત્યારબાદ સંકલ્પ પર ચર્ચા હાથ ધરવામાં આવી. છ સભ્યશ્રીઓ, માન.વિરોધપક્ષના નેતાશ્રી અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ "સૌરાષ્ટ્રની જનતાની પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા બાબતનો " પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ત્યારબાદ સંકલ્પ ઉપર સભ્યશ્રી પુંજાભાઈ વંશ તેમજ ડો.ચંદ્રિકાબેન ચુડાસમાએ તેમના સુધારા રજૂ કર્યા.

સંકલ્પ અને તેના ઉપર રજૂ થયેલા સુધારા પર ભેગી ચર્ચા હાથ ધરવામાં આવી. સાત સભ્યશ્રીઓ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ ઉપરના સુધારા મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

## શુક્રવાર, તા.૨૩મી માર્ચ,૨૦૦૭

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો પ્રશ્ન અગ્રતા ક્રમાંક:૧નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી પ્રાગજીભાઈ પટેલે કેન્દ્ર સરકારે ગોધરા કાંડના અસરગ્રસ્ત મુસ્લિમો માટે જ રૂા.૧૦૬ કરોડનું પેકેજ જાહેર કરેલ છે, જ્યારે હિંદુઓ ભૂલાયા છે એવી રજૂઆત કરતાં, સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ પણ તેઓશ્રીની સાથે જોડાયા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. વિરોધપક્ષના સભ્યશ્રીઓ પણ સામે સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.

**૨. સૂત્રોચ્ચાર - બેઠક મુલતવી**

પ્રશ્નોત્તરી સમય પૂરો થતાં જ સભ્યશ્રી સુનિલભાઈ ઓઝાએ ઝીરો અવર્સમાં મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ, આપણે ઝીરો અવર્સ લેતા નથી એમ જણાવી સભ્યશ્રીને રજૂઆત કરતા અટકાવતાં, સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓ પણ તેઓશ્રી સાથે જોડાયા આ દરમ્યાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ પણ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. સભાગૃહમાં સૂત્રોચ્ચાર અને શોરબકોરની પ્રક્રિયા સતત ચાલુ રહેતાં સભાગૃહની બેઠક આગળ ચલાવવાનું અશક્ય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક પંદર મિનિટ માટે મુલતવી રાખી (સવારના ૯.૩૨)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯.૪૭ વાગ્યે ફરી મળી.**

માનનીય અધ્યક્ષશ્રીએ છઠ્ઠી, સાતમી અને આઠમી અતારાંકિત યાદીઓ સભાગૃહના મેજ ઉપર મૂકી.

સભાગૃહની બેઠક શરૂ થતાં જ સભ્યશ્રી સુનિલભાઈ ઓઝાએ ફરી વાર ઝીરો અવર્સનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમને અટકાવતાં સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓ પણ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ રજૂઆત કરવા લાગ્યા. આ દરમ્યાન વિરોધપક્ષ તરફથી પણ સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ કરતાં, સભાગૃહમાં સામ-સામે સૂત્રોચ્ચાર અને શોરબકોરનું વાતાવરણ ચાલુ રહેતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરવા છતાં ગૃહમાં શાંતિનું વાતાવરણ ન સ્થપાતાં સભાગૃહની બેઠક આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક વિરામ સુધી મુલતવી રાખી. (સવારના ૯.૫૧)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક વિરામ બાદ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળી.**

**૩. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૦૧–૨૦૦૨ ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૫–૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૪–૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૪) ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૦૫–૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) શિક્ષણ વિભાગની સન ૧૯૪૭ના મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ અન્વયેની તા.૨૭-૯-૨૦૦૬ અને તા.૨૧-૧૧-૨૦૦૬ની અધિસૂચના.

(૬) તા. ૧૮-૯-૦૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી છબીલભાઈ પટેલના "કચ્છ જિલ્લામાં આવેલ કુટીર ઉદ્યોગો" વિષયના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૬૬૪૧ નો સુધારેલ જવાબ

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના તા.૨૬.૨.૨૦૦૭ના પત્રથી માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રીના કાર્યાલય દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અને સૂચનાઓને મુદ્દો બનાવી, રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી સામે આપેલ વિશેષાધિકાર ભંગના પ્રશ્નની સૂચના, તા.૧૨.૩.૨૦૦૭ના પત્રથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની તા.૭.૩.૨૦૦૭ના રોજની અખબારી યાદીમાં તેને પ્રસિદ્ધ કરી તેની છણાવટ કરી હતી, આમ કરી તેઓશ્રીની વિચારણા હેઠળની બાબતને અખબારી યાદીમાં પ્રસિદ્ધિ આપવાથી થયેલ વિશેષાધિકારની સૂચના તેમજ મુખ્યદંડકશ્રીએ તા.૧૪.૩.૨૦૦૭ના પત્રથી " રાજય સરકારે લેખિત પત્ર દ્વારા દબાણ લાવતાં આ બાબત તા.૯.૩.૨૦૦૭ ના બદલે તા.૨૯.૩.૨૦૦૭ ના રોજ જવાબ આપવા માટે અધ્યક્ષશ્રીએ પોતાને મળેલી સત્તાઓના આધારે નિર્ણય લીધો હતો." તેવા અખબારી યાદીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ લખાણથી થયેલ વિશેષાધિકાર ભંગની સૂચના, આ ત્રણેય પ્રશ્નો એક જ બાબતને લગતા હોઈ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૬૩ અન્વયે આ પ્રશ્નોને વિશેષાધિકાર સમિતિને તપાસ અને અહેવાલ અર્થે સોંપવાની જાહેરાત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિશેષાધિકાર સમિતિને ત્રણ કેસ સોંપવાની જાહેરાત કર્યા પછી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ નિયમ-૨૫૨ હેઠળ નોટિસ આપી છે, તેથી તેઓશ્રીને સાંભળવા જોઈએ, તેવી રજૂઆત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ-૨૬૩ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો અને આ નિયમની જોગવાઈને આધીન આ ત્રણેય કેસ વિશેષાધિકાર સમિતિને સોંપવાની તેઓશ્રીએ જાહેરાત કરી છે, તેમ જણાવ્યું.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

નાણાને લગતી સેવા અંગેની નાણા વિભાગની માગણી ક્રમાંકઃ ૧૫, કર વસૂલાત ખર્ચને લગતી સેવા અંગેની નાણા વિભાગની માગણી ક્રમાંકઃ ૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની માગણી ક્રમાંકઃ ૧૭ તેમજ પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની માગણી ક્રમાંકઃ ૧૮ માનનીય રાજ્યકક્ષાના નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ, માગણી ક્રમાંકઃ૧૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧, ૨, ૩, ૪, ૫ અને ૬, માગણી ક્રમાંક૧૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંકઃ ૧૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ અને ૧૪, તેમજ

માગણી ક્રમાંક:૧૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક:૧૫, ૧૬ અને ૧૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી

માગણીઓ પરની ચર્ચાની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીએ માગણીઓ પરની ચર્ચાનો સમય નકકી કરવા તેમજ ગિલોટીન અંગે જાહેરાત કરી.

**૬. માનનીય અધ્યક્ષશ્રીને પાકિસ્તાનના વિદેશ પ્રવાસ માટે શુભેચ્છાઓ**

